dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 132 | AD - 2025, Maha Vad - 03 | Saturday, Dt.15-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ટ્રેડથી લઈને ટેરરિઝ્મ સુધી ડોનાલ્ડ ટ્રમ્પની અનેક મોટી જાહેરાતો

# ભારત અને અમેરિકા વચ્ચે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ બિલિયન ડોલર સુધી વેપાર પહોંચાડવાનું લક્ષ્ય : મોદી

વોશિંગ્ટન,તા.૧૪

પીએમ નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં દ્વિપક્ષીય મંત્રણા બાદ જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જ્યાં તેમણે બંને દેશો વચ્ચે થયેલા મહત્વના કરારો વિશે માહિતી આપી અને પત્રકારોના અનેક સવાલોના જવાબ આપ્યા. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૩૦ સુધીમાં અમે ભારત-અમેરિકી વેપારમાં બમણો વધારો કરીશું. જ્યારે ટ્રમ્પે પીએમ મોદીને પોતાના કરતા સારા નેગોશિએટર ગણાવ્યા હતા.

જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં પીએમ મોદીએ કહ્યું કે, સૌથી પહેલા હું મારા પ્રિય મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પને મારા શાનદાર સ્વાગત અને આતિથ્ય સત્કાર બદલ હાર્દિક આભાર વ્યક્ત કરું છું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારત અને અમેરિકાના સંબંધોને પોતાના નેતૃત્વથી જીવંત બનાવ્યું છે. આતંક સામે લડવામાં અમે સહયોગ કરીશું. સરહદ પાર આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહીની જરૂર છે. ૨૬/૧૧ ના આતંકવાદી તહવ્વુર રાણાના



પ્રત્યાર્પણનો નિર્ણય લેવા બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભારી છું. અમારી કોર્ટો તેને ન્યાયના ઘેરામાં લાવશે. પીએમ મોદીએ કહ્યું કે અમે જાણીએ છીએ કે ભારત અને અમેરિકાનો સાથ અને સહયોગ એક સારા વિશ્વને આકાર આપી શકે છે.

તેમણે કહ્યું કે ભારત અને અમેરિકાની ભાગીદારી લોકતંત્ર અને લોકતાંત્રિક મૂલ્યો તથા વ્યવસ્થાઓને સશક્ત બનાવે છે. ઈન્ડો પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ વધારવા માટે અમે મળીને કામ કરીશું. જેમાં ક્વાડની ભૂમિકા વિશેષ હશે. આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ભારત અને અમેરિકા દ્રઢતાથી સાથે છે. અમે સહમત છીએ કે સરહદપાર આતંકવાદના ખાતમા માટે નક્કર કાર્યવાહી જરૂરી છે. પીએમ મોદીએ એ પણ કહ્યું કે આજે અમે અમારા દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં બમણાથી પણ વધુ વધારીને ૫૦૦ બિલિયન ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે.

### વડાપ્રધાન મોદીની હાજરીમાં જ ટ્રમ્પે ચીનના વખાણ કર્યા

ભારત મોસ્ટ ફેવર્ડ નેશન (વેપાર પ્રેફરન્શિયલ દેશો) યાદીમાં સમાવિષ્ટ દેશો પર સરેરાશ ૧૭ ટકા ટેરિફ લાદે છે. જ્યારે અમેરિકા ૩.૩ ટકા ડ્યુટી લાદે છે. વિશ્વના મોટાભાગના મુખ્ય અર્થતંત્રોએ અમેરિકાને તેમની મોસ્ટ ફેવર્ડ નેશન યાદીમાં સામેલ કર્યું છે. ડ્યુટીના પ્રશ્ન પર ટ્રમ્પે કહ્યું, ભારત જે પણ ડ્યુટી વસૂલશે, અમે પણ તે જ ડ્યુટી વસૂલ કરીશું. અમે ભારત સાથે એવું વર્તન કરી રહ્યા છીએ જે રીતે ભારત અમારી સાથે વર્તે છે. ટ્રમ્પે કેટલાક અમેરિકન ઉત્પાદનો પર ભારત દ્વારા લાદવામાં આવેલી આયાત ડ્યુટીને ખૂબ જ અન્યાયી અને કઠોર ગણાવી હતી. ટ્રમ્પ અને મોદીની મુલાકાત દરમિયાન ચીન પર પણ ચર્ચા થઈ હતી. પછી પ્રેસ કોન્ફરન્સ થઈ તેમાં પણ ટ્રમ્પે ચીનનો પક્ષ લીધો. ટ્રમ્પે એવી ઓફર કરી કે, ભારત અને ચીન વચ્ચેના સરહદ વિવાદને રોકવા માટે અમેરિકા મધ્યસ્થી કરશે. પણ ભારતે ડોનાલ્ડ ટ્રમ્પના આ પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આવા મુદ્દાઓ પર ભારતનો અભિગમ હંમેશા દ્વિપક્ષીય રહ્યો છે. અમારા કોઈપણ પડોશી દેશ સાથે અમારા ગમે તે મુદ્દાઓ હોય, અમે તેને દ્વિપક્ષીય વાતચીત દ્વારા જ ઉકેલીશું. ટૂંકમાં, ભારતે આડકતરી રીતે અમેરિકાને એવું કહી દીધું કે, એ અમે ફોડી લઈશું. ટ્રમ્પે તો જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં એવું કહ્યું કે, ''હું ભારત તરફ જોઉં છું, મને ભારત-ચીન સરહદ પર ભયંકર અથડામણો દેખાય છે અને મને લાગે છે કે આ ચાલુ જ રહે છે. જો હું આ બધું રોકવા માટે કંઈક મદદ કરી શકું તો મને ખૂબ આનંદ થશે. આ બધું લાંબા સમયથી ચાલી રહ્યું છે અને ખૂબ જ હિંસક પણ છે.''

### કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂની જાહેરાત, વેચાણ, ખરીદી, વપરાશ અને ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ

# જમ્મુ અને કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધની માંગ, વિધાનસભામાં ખાનગી બિલ રજૂ કરાયું

(એચ.એસ.એ), શ્રીનગર,તા.૧૪

બિહાર બાદ હવે જમ્મુ-કાશ્મીરમાં દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠી છે. પાર્ટી લાઇન તોડીને, જમ્મુ અને કાશ્મીરના ધારાસભ્યોએ કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે અલગ ખાનગી બિલ રજૂ કર્યા છે. આ બિલમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂની જાહેરાત, વેચાણ, ખરીદી, વપરાશ અને ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. ભાજપે પણ આ પ્રસ્તાવને ટેકો આપ્યો છે. જમ્મુ અને કાશ્મીરના



ધારાસભ્યોએ પાર્ટી લાઇન તોડીને ૩ માર્ચથી શરૂ થઈ રહેલા આગામી વિધાનસભા સત્ર માટે એક ખાનગી સભ્ય બિલ રજૂ કર્યું, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. વિપક્ષ ભાજપે પણ આ બિલોને ટેકો આપ્યો છે. બજેટ સત્ર પહેલા, નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને અવામી ઈત્તેહાદ પાર્ટીના ત્રણ ધારાસભ્યોએ જમ્મુ અને કાશ્મીરમા દારૂ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતું ખાનગી બિલ રજૂ કર્યું છે. નેશનલ કોન્ફરન્સ વતી, લાલ ચોકના ધારાસભ્ય અહેસાન પરદેસીએ એક ખાનગી બિલ રજૂ કર્યું છે. કુપવાડા વિધાનસભા મતવિસ્તારના પીડીપી ધારાસભ્ય મીર મોહમ્મદ ફયાઝે પણ દારૂ પ્રતિબંધ અંગે એક ખાનગી બિલ રજૂ કર્યું છે, જ્યારે લંગેટના એઆઈપી ધારાસભ્ય શેખ ખુર્શીદ અહેમદે પણ આ સંદર્ભમાં એક ખાનગી બિલ રજૂ કર્યું છે.

# દિલ્હીને આવતા અઠવાડિયે નવા મુખ્યમંત્રી મળશે, ધારાસભ્યોના નામ શોર્ટલિસ્ટ કરાયા

નવીદિલ્હી,તા.૧૪

દિલ્હીને આવતા અઠવાડિયે નવા મુખ્યમંત્રી મળવાની અપેક્ષા છે. વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત બાદ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) નવા મુખ્યમંત્રીની શોધમાં વ્યસ્ત છે. સૂત્રો કહે છે કે ચૂંટણી જીતનારા ધારાસભ્યોમાંથી ૧૫ લોકોના નામ પસંદ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાતથી પાછા ફર્યા પછી મુખ્યમંત્રીના નામ અંગે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

ગૃહમંત્રી અમિત શાહ, જેપી નડ્ડા અને અન્ય ટોચના ભાજપના નેતાઓ પીએમ મોદી સાથે મુલાકાત કરશે. આ બેઠક દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી પદ માટે પાર્ટી કોને પસંદ કરશે તે પણ નક્કી કરવામાં આવશે. ભાજપે ૭૦ માંથી ૪૮ બેઠકો જીતી હતી. આ પછી, ૪૮ માંથી ૯ ધારાસભ્યોના નામ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. હવે આ ૯ શોર્ટલિસ્ટ થયેલા ધારાસભ્યોના નામોમાંથી મુખ્યમંત્રી, મંત્રી અને સ્પીકરના નામ નક્કી કરવામાં આવશે. આ સાથે, ધારાસભ્ય પક્ષની બેઠક ૧૭ કે ૧૮ ફેબ્રુઆરીએ યોજાઈ શકે છે.



દિલ્હીમાં ચૂંટણી પરિણામો ૮ ફેબ્રુઆરીના રોજ જાહેર થયા હતા. આ પછી, પીએમ મોદી ૧૦ ફેબ્રુઆરીએ ફ્રાન્સ અને અમેરિકાના પ્રવાસ માટે રવાના થયા. આ કારણોસર, દિલ્હીમાં શપથ ગ્રહણ સમારોહની તારીખ મુલતવી રાખવામાં આવી હતી. જોકે, પીએમ મોદીનો વિદેશ પ્રવાસ ૧૪ ફેબ્રુઆરીએ સમાપ્ત થયો હતો અને તેઓ શુક્રવારે અમેરિકાથી ભારત જવા રવાના થયા હતા. આ પછી, પીએમ મોદી આજે સાંજ સુધીમાં દિલ્હી પહોંચશે. પીએમના પાછા ફર્યા પછી, દિલ્હીના મુખ્યમંત્રી પદ અંગે નિર્ણય લેવામાં આવશે. આ કારણે તૈયારીઓ તેજ કરવામાં આવી છે. દિલ્હીમાં સરકાર બનાવવા માટે ભાજપની ટોચની નેતાગીરીએ પોતાનું હોમવર્ક પૂર્ણ કરી લીધું છે. ગૃહકાર્યના આધારે પીએમ સાથે ચર્ચા કર્યા પછી, દિલ્હીના મુખ્યમંત્રી કોણ હશે તે નક્કી કરવામાં આવશે.

# સાંસદો પાર્ટીને જાણ કર્યા વિના કોઈપણ કાર્યક્રમમાં હાજરી ન આપે : આદિત્ય ઠાકરે

મુંબઈ, તા.૧૪

મહારાષ્ટ્રમાં, ઓપરેશન ટાઈગરને લઈને શિવસેના ઉદ્ધવ ઠાકરે અને શિંદે જૂથના નેતાઓ વચ્ચે સતત ઝઘડો ચાલી રહ્યો છે. દરમિયાન, શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરે દિલ્હી પહોંચ્યા જ્યાં તેમણે પાર્ટીના સાંસદો સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે સાંસદોને ઉદ્ધવ ઠાકરેનો સંદેશ આપ્યો અને સલાહ પણ આપી. તેમણે કોઈપણ પ્રકારની વાણી-વર્તન ટાળવા કહ્યું. આદિત્ય ઠાકરેએ સાંસદોને



કહ્યું કે તેઓ પાર્ટીને જાણ કર્યા વિના કોઈપણ રાત્રિભોજન કે કાર્યક્રમમાં હાજરી ન આપે અને એનડીએ નેતાઓથી, ખાસ કરીને એકનાથ શિંદે જૂથના નેતાઓથી અંતર જાળવી રાખે.

# મહારાષ્ટ્ર : મસ્જિદોમાં લાઉડ સ્પીકર વગાડવા સામે ભાજપે વિરોધ નોંધાવ્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રમાં ભાજપે હવે મસ્જિદોના લાઉડ સ્પીકરથી વધતા ધ્વનિ પ્રદૂષણનો મુદ્દો બનાવ્યો છે. ભાજપ એવી કોઈપણ મસ્જિદ સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવશે જ્યાં લાઉડ સ્પીકર વગાડવામાં આવે છે. આ સંદર્ભમાં, ભાજપનું એક પ્રતિનિધિમંડળ ભાંડુપ પોલીસ સ્ટેશનના અધિકારીઓને મળ્યું હતું. આ સમય દરમિયાન, લાઉડ સ્પીકરના ઉપયોગ પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ભાજપના પ્રતિનિધિમંડળે ભાંડુપના સોનાપુર



અને નાહુર રોડ પરની મસ્જિદોને સવારે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ પરવાનગી દર મહિને અપડેટ કરવામાં આવે છે અને લાઉડ સ્પીકરનો ઉપયોગ છેલ્લા આખા વર્ષ એટલે કે ૩૬૫ દિવસથી કરવામાં આવ્યો છે. ભાજપે કહ્યું છે કે લાઉડ સ્પીકરના મોટા અવાજથી ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભાજપના પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે લાઉડ સ્પીકરનો મોટો અવાજ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યો છે અને નજીકમાં રહેતા લોકોને મુશ્કેલી ઊભી કરી રહ્યો છે. ભાજપે પોલીસ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી આવી મસ્જિદો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.







# વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી મહાકુંભમાં ડૂબકી લગાવશે

નવીદિલ્હી,તા.૧૪

વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને બહેન પ્રિયંકા ગાંધી મહાકુંભમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજની મુલાકાત લે તેવી શક્યતા છે. આ શક્યતાને પગલે ઉત્તર પ્રદેશ કોંગ્રેસ તૈયાર થઈ રહી છે. જોકે, કોંગ્રેસના નેતાઓની પ્રયાગરાજની મુલાકાતની તારીખ હજુ નક્કી નથી, પરંતુ તેના પર ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી ૪ ફેબ્રુઆરીએ મહાકુંભની મુલાકાત લેવાના હતા પરંતુ સંસદીય કાર્યવાહીને કારણે તેમની મુલાકાત થઈ શકી નહીં. જો સૂત્રોનું માનીએ તો, બંને કોંગ્રેસ નેતાઓ ટૂંક સમયમાં મહાકુંભમાં પવિત્ર સ્નાન માટે પ્રયાગરાજ જઈ શકે છે. જોકે, રાહુલ ગાંધી પોતે નક્કી કરશે કે પ્રયાગરાજ ક્યારે જવું. તે જ સમયે, સૂત્રો પાસેથી એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે બંને નેતાઓ ૧૬ ફેબ્રુઆરીએ પવિત્ર સ્નાન માટે જઈ શકે છે.



# સાવરકુંડલામાં વોર્ડ નં. ૩ના ભાજપ ઉમેદવારને મળ્યું જંગી સમર્થન

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નં.૩ની પેટાચૂંટણી અંતર્ગત આડીશેરી ખાતે યોજાયેલી બે ભવ્ય સભાઓમાં ભાજપના ઉમેદવાર ગૌતમ સાવજને મોટી સંખ્યામાં સમર્થકોનો ટેકો મળ્યો હતો. આ સભાઓમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ભાજપના અગ્રણી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, શિક્ષિત અને એડવોકેટ એવા ગૌતમ સાવજ વોર્ડ નં.૩ના નેતા નહીં પણ પુત્ર સમાન છે. સ્વર્ગસ્થ જયસુખભાઈ નાકરાણીના વિચારોને આગળ ધપાવનાર અને સમાજસેવા માટે હંમેશા તત્પર રહેનાર આ યુવા ઉમેદવારને ૧૬ ફેબ્રુઆરીએ જ્વલંત વિજય અપાવવા તેમણે મતદારોને અપીલ કરી હતી. ઉમેદવાર ગૌતમ સાવજે જણાવ્યું હતું કે, ભાજપના શિર્ષ નેતૃત્વે સોંપેલી જવાબદારી તેઓ નિષ્ઠાપૂર્વક નિભાવશે. બંને સભાઓમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલી જિલ્લામાં ૮મી માર્ચે યોજાશે રાષ્ટ્રીય લોક અદાલત

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના આયોજન હેઠળ આગામી તા. ૮મી માર્ચ, ૨૦૨૫ના રોજ જિલ્લાની તમામ કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજના અધ્યક્ષ સ્થાને યોજાનારી આ લોક અદાલતમાં વિવિધ પ્રકારના કેસોનું નિરાકરણ લાવવામાં આવશે. ગુજરાત રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તેમજ કારોબારી અધ્યક્ષ જસ્ટિસ દ્વારા આ લોક અદાલતને સફળ બનાવવા માટે તમામ કાનૂની સેવા સત્તા મંડળ અને સમિતિઓને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ લોક અદાલતમાં મોટર અકસ્માત વળતર, દીવાની દાવા, ચેક રિટર્ન, જમીન સંપાદન, મજૂર-માલિક વિવાદ, દંડનીય કેસો સહિત તમામ પ્રકારના સમાધાનલક્ષી કેસોનું નિરાકરણ કરી શકાશે. રાજ્યની કોઈપણ જિલ્લા, તાલુકા કે હાઈકોર્ટમાં પડતર કેસોનું નિરાકરણ આ લોક અદાલત મારફતે શક્ય બનશે. લોક અદાલતનો લાભ લેવા માટે નાગરિકો નજીકની તાલુકા કે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરી, ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ અથવા રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળની વેબસાઈટ પર સંપર્ક કરી શકે છે.

# દામનગરના ઠાસા ગામે યુવકે મજૂરીએ જવાની ના પાડતાં ધમકી આપી

દામનગર, તા.૧૪

દામનગરના ઠાસા ગામે યુવકે કપાસ વીણવાની મજૂરીએ જવાની ના પાડતાં તેને ધમકી આપી હતી. જયેશભાઇ બીજલભાઇ પરમાર (ઉ.વ.૪૨) એ હિંમતભાઇ પ્રાગજીભાઇ બુધેલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ પોતાના ખેતરે કપાસની મજૂરીએ તેમને આવવાનું કહેતા તેમણે ના પાડી હતી. જેથી આરોપીને સારૂ નહી લાગતા ઉશ્કેરાઇને લોખંડના પાઇપનો એક-એક ઘા પીઠના ભાગે તથા જમણી આંખ પાસે નેણ પાસે મારી ઈજા કરી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા-લાઠીની ચૂંટણીમાં સરકારી કર્મચારી ભાજપનો પ્રચાર કરતા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

**અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે ચૂંટણી પંચને ફરિયાદ કરી**

ચલાલા, તા.૧૪

ચલાલા નગપાલિકામાં ફરજ નિભાવતા સરકારી કર્મચારીઓ અને લાઠી પીજીવીસીએલના કર્મચારીઓ ભાજપનો ખેસ પહેરી ભાજપનો પ્રચાર કરતા હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરીને જણાવ્યું હતું કે, હાલ અમુક સરકારી અધિકારી આચારસંહિતા હોવા છતાં ભાજપનો ખેસ પહેરીને પ્રચાર કરી રહ્યા છે. હવે આ લોકોને કોઈ આચારસંહિતાની બીક રહી નથી. પ્રતાપભાઈ દુધાતે સચિવ, રાજ્ય ચૂંટણી પંચ અને અમરેલી કલેક્ટરને ફોટા સાથે લેખિત ફરિયાદ કરી છે.



# અમરેલીમાં લીલીયા રોડ બાયપાસ ચોકડી નજીકથી વિદેશી બીયરના ટીન સાથે યુવક ઝડપાયો

**પોલીસે ૧૯૭૪ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા.૧૪

અમરેલીમાં લીલીયા રોડ બાયપાસ ચોકડી નજીકથી વિદેશી બીયરના ટીન તથા દારૂની બોટલ સાથે યુવક ઝડપાયો હતો. લાલો જયસુખભાઇ થળેશા (ઉ.વ.૩૨) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની એક બોટલ તથા ભારતીય બનાવટના વિદેશી બીયરના ૯ ટીન મળીને કુલ ૧૯૭૪ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. જિલ્લામાં ત્રણ ઈસમો પાસેથી ૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય ત્રણ ઈસમો નશામાં ચૂર થઈને ફરતા મળી આવ્યા હતા.

# અમરેલી નગરપાલિકા ભાજપના ઉમેદવાર નસીમબેન અગવાનને વિજયી બનાવવા રાજુભાઈ મીલનની અપીલ

અમરેલી,તા.૧૪

અમરેલી નગરપાલિકા વોર્ડ નં. ૭ ની પેટાચૂંટણીમાં રાજકીય પક્ષો વચ્ચે પ્રચાર કાર્ય પૂરજોશમાં શરૂ છે. ત્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર નસીમબેન અગવાનના સમર્થનમાં પ્રચંડ લોકજુવાળ ઉભો થયો છે. ભાજપના લઘુમતી મોરચાના અધ્યક્ષ અને જિલ્લા ભાજપ કાર્યકારી સભ્ય રાજુભાઈ મીલને ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવવા અપીલ કરી છે. ભાજપ તરફી વધુમાં વધુ મતદાન કરવા વોર્ડ નં. ૭ ના મતદાતાઓને આહ્વાન કર્યુ છે.





# શ્રી જનતા વિદ્યાલય, તાતણિયામાં અનોખો વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા, તા.૧૪

શ્રી જનતા વિદ્યાલય, તાતણિયામાં વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ ઉજવાયો હતો. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ધર્મેન્દ્રભાઈ કનાલા તરફથી સોનાના, ચાંદીના અને કાંસ્ય ચંદ્રકો તેમજ પ્રમાણપત્રોથી સન્માનિત કરાયા હતા. આચાર્ય ધર્મેન્દ્રભાઈ કનાલાએ પ્રેરણાદાયક ભાષણ આપ્યું હતું. સરપંચ રાજુભાઈ ભમ્મરે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાળાના સ્ટાફ અને ગ્રામજનોએ સફળ બનાવ્યો, અને આજુબાજુના ગામોએ શાળાની કામગીરીને બિરદાવી હતી.



# સા.કુંડલાના સ્વામી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં મહાશિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી થશે

સાવરકુંડલા, તા.૧૪

સા.કુંડલામાં મહુવા રોડ ખાતેના સ્વામીશ્રી નિર્દોષાનંદજી સત્સંગ આશ્રમમાં મહાશિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. આ નિમિત્તે ૨૫ ફેબ્રુઆરીએ મહા વદ બારસના રોજ મહાશિવરાત્રી મહોત્સવનાં ઉપલક્ષમાં શહેરના મુખ્ય માર્ગો પર રથયાત્રા, મહાપૂજા, રક્તદાન શિબિર તથા પુસ્તક વિમોચન સમારોહ વગેરે કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત પૂજ્ય સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનું પ્રવચન તથા તેમના દ્વારા લિખિત નવું પુસ્તક પ્રેમભરી પ્રાર્થનાનું ભવ્ય વિમોચન, મહાનુભાવોના વક્તવ્યો તેમજ ટીંબી ખાતે ચાલી રહેલ વિશાળ નિઃશુલ્ક હોસ્પિટલના દાતાઓના સન્માન થશે. મહાશિવરાત્રી નિમિત્તે આખી રાત્રીના ચાર પ્રહરનું પાર્થિવ શિવલિંગ મહાપૂજન કરાશે. બહેનો, માતાઓ માટે રાત્રિના ચાર પ્રહરના પૂજનની તમામ પ્રકારની વ્યવસ્થા પટેલવાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે કરવામાં આવશે. આ સમગ્ર મહોત્સવ અને પૂજનવિધિનું લાઈવ પ્રસારણ આશ્રમની યુટ્યૂબ ચેનલ ગુરુસાન્નિધ્યમાં કરાશે.

# 'ખેલમહાકુંભ-૩.૦'સ્પર્ધામાંસા.કુંડલાની શ્રીએસ.વી. દોશીગર્લ્સહાઈસ્કૂલનીસફળતા

સાવરકુંડલા તા. ૧૪

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિની બહેનોએ ખો-ખો સ્પર્ધા - અંડર ૧૭ માં જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ - ૩.૦ માં ભવ્ય સફળતા પ્રાપ્ત કરી હતી. શાળાની વિદ્યાર્થિની બહેનો લાડુમોર જલ્પાબેન દેવકુભાઈ, ભુકણ રવિનાબેન મધુભાઈ અને ગેલાણી રીયાબેન લાલજીભાઈ હવે પછી ઝોન કક્ષાએ ભાગ લેવા જશે. બહેનોનું નેતૃત્વ શાળાના પી.ટી. શિક્ષક દેવીબેન રાઠોડે કર્યુ હતું. સૌ વિજેતા બહેનોને પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા, શાળાના સુપરવાઈઝર નિતાબેન ત્રિવેદી તેમજ નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે ખૂબ - ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.



# રાજુલાનીસંઘવીમહિલાકોલેજ ખાતેપ્રકૃતિવંદનાકાર્યક્રમનીઉજવણી

રાજુલા, તા.૧૪

રાજુલાની શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે પ્રેમના અનોખા સંદેશને સાર્થક કરવા માટે એનએસએસનાં બંને યુનિટ દ્વારા પ્રકૃતિ વંદના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં સ્વયંસેવિકા બહેનોએ વૃક્ષોનો મહિમા દર્શાવીને વૃક્ષ વંદના કાર્યક્રમ યોજેલ. સૌપ્રથમ વૃક્ષોની પૂજા અર્ચના કરેલ. વૃક્ષોને મૌલી બાંધી જળ સિંચન કરેલ. વૃક્ષો આપણને જીવન આપે છે તો આપણે વૃક્ષોને પણ સાચવીએ તેનું જતન કરીએ. આમ પ્રકૃતિને પ્રેમ આપી જાળવણીનો અનોખો સંદેશ સમાજમાં આપ્યો હતો. આ તકે કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા અને પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસર જાગૃતીબેન તેરૈયા, પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડીયા અને સેવિકા બહેનોએ જહેમત ઉઠાવી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શાન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લીલીયા પોલીસ દ્વારા વિદેશી દારૂની ૧૦૧ બોટલનો નાશ કરાયો

લીલીયા, તા.૧૪



લીલીયા પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન નોંધાયેલા દારૂબંધીના ગુનાઓમાં કબ્જે કરાયેલા વિદેશી દારૂની ૧૦૧ બોટલનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.જે. ગીડા, નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ, સબ ડિવિઝન મેજીસ્ટ્રેટ (SDM) સાવરકુંડલા, નશાબંધી શાખા અધિક્ષક એમ.બી. સોલંકી, મામલતદાર લીલીયા કે.બી. સાંગાણી અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં રૂ. ૧૭,૩૫૩ કિંમતના વિદેશી દારૂની ૧૦૧ બોટલનો નાશ કરાયો હતો.

# બોર્ડની પરીક્ષાઓને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ

અમરેલી, તા.૧૪

સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ની પરીક્ષાનો તા.૨૭ ફેબ્રુઆરીથી પ્રારંભ થશે. વિદ્યાર્થીઓ તણાવ મુક્ત રીતે પરીક્ષા આપે તે માટે ખાસ હેલ્પલાઈન શરુ કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં ધો.૧૦ના ૧૯,૪૯૫ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૯,૫૭૨ અને વિજ્ઞાન પ્રવાહના ૧,૭૨૮ સહિત ૧૧,૩૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપશે. તકેદારીના ભાગરુપે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓને બોર્ડની આ પરીક્ષા દરમિયાન સતત મોનિટરિંગ માટેની ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો અને આસપાસના વિસ્તારમાં પોલીસ તૈનાત રહેશે.

**તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા.૧૦ માર્ચ, ૨૦૨૫ બપોરે ૩ કલાક થી સાંજે ૬.૩૦ કલાક દરમિયાન ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાશે. આ માટે ૦૫ કેન્દ્રોના ૧૧ બિલ્ડિંગમાં ૧,૭૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.**

**ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહની તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા.૧૭ માર્ચ, ૨૦૨૫ સુધી સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૧.૪૫ કલાક દરમિયાન પરીક્ષા લેવામાં આવશે. ૧૫ કેન્દ્રના ૩૮ બિલ્ડિંગમાં ૯,૫૭૨ વિદ્યાર્થીઓ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપશે.**

**અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦ની તા.૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા.૧૦ માર્ચ, ૨૦૨૫ સુધી સવારે ૧૦ કલાકથી બપોરના ૧.૧૫ કલાક દરમિયાન પરીક્ષા લેવામાં આવશે. જિલ્લાના ૨૮ કેન્દ્રના ૭૯ બિલ્ડિંગમાં ૧૯,૪૯૫ વિદ્યાર્થીઓ ધો.૧૦ની પરીક્ષા આપશે.**

# સાવરકુંડલામાં પતિએ પત્ની પર છરીથી હુમલો કરી ધમકી આપી

સાવરકુંડલા, તા.૧૪

**પત્ની ચાર મહિનાથી પતિથી અલગ રહેતી હતી**

સાવરકુંડલામાં એક પતિએ તેની પત્ની પર છરીથી હુમલો કરીને ધમકી આપી હતી. બનાવ અંગે મૂળ દેવરાજીયા ગામના અને હાલ સાવરકુંડલામાં રહેતા મમતાબેન યોગેશભાઈ પંડ્યા (ઉ.વ.૩૨)એ યોગેશભાઈ રતિભાઈ પંડ્યા, સંજયભાઈ તથા ચંદાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના પતિથી ચારેક માસથી અલગ પોતાના દીકરા સાથે રહેતા હતા. તેમના પતિ તેમને હેરાન કરતા હોવાથી તેનાથી અલગ રહેવું હતુ પરંતુ પતિ પરાણે તેની સાથે રાખવા માંગતા હતા. તેઓ તેની સાથે જતા ન હોવાનું મનદુઃખ રાખી ત્રણેય જણાએ ગાળો આપી હતી. તેમજ પતિએ છરી વડે હુમલો કરી શરીરે ગંભીર ઈજા પહોંચાડી હતી. જે બાદ ત્રણેય જણાએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીના કુંભયાત્રીઓ માટે દિલીપ સંઘાણી દ્વારા ફુલપુરમાં નિવાસ-ભોજનની વ્યવસ્થા કરાઈ

અમરેલી, તા.૧૪

સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી દ્વારા પ્રયાગરાજમાં કુંભ સ્નાન માટે પહોંચેલા અમરેલીના યાત્રીઓને કોઈ અગવડતા ન થાય તે માટે ફુલપુરમાં ઈફ્કો ખાતેના અતિથિ ગૃહમાં નિવાસ અને ભોજનની સુવિધા કરવામાં આવી હતી. તેમણે યાત્રીઓના સતત સંપર્કમાં રહીને કોઈ મુશ્કેલી ન પડે તેનો ખ્યાલ રાખ્યો હતો. આ કુંભ યાત્રીઓએ પરત આવીને આજે દિલીપભાઈ સંઘાણીનો આભાર પ્રગટ કરીને તેમનું સન્માન કર્યું હતું અને આભારની લાગણી વ્યક્ત કરી હતી. ૪૧ યાત્રીઓ માટે ૨૦ રૂમ, નાસ્તો અને ભોજન સાથે ઈફકોના અધિકારીઓ સ્ટેન્ડબાય રહ્યા હતા. આ યાત્રીઓમાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ભાજપ અગ્રણી ડો.ભરતભાઈ કાનાબાર, બિપીનભાઈ ગાંધી, ડો.હર્ષદભાઈ રાઠોડ, કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી, હિરેનભાઈ વિરડીયા, ભનુભાઈ ચોવટીયા, ભરતભાઈ બાવીશી વગેરેનો સમાવેશ થાય છે. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જેન્તીભાઈ પાનસુરીયા, જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન, પ્રવિણભાઈ માંગરોળીયા, બેંકના ડિરેક્ટર પિયુષભાઈ શુક્લ, સંગીતાબેન જોષી સહિતના ડિરેક્ટર, જિલ્લા બેંકના જનરલ મેનેજર સીઈઓ બી.એસ.કોઠીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.



**૪૧ યાત્રીઓ માટે ૨૦ રૂમ, નાસ્તો અને ભોજન સાથે ઈફકોના અધિકારીઓ સ્ટેન્ડબાય રહ્યા**

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

કુંદનબેન મહેશભાઈ બનજારા (ઉ.વ.૫૭) નું તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મહેશભાઈ પ્રતાપભાઈ બનજારાના પત્ની થયા છે. તેમની સદગતની સાદડી તા.૧૫/૦૨/૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે ઓમકારેશ્વર મંદિર રોડ જેસર રોડ, સાવરકુંડલા પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**ભાવનગર**

અમજીબા દીપસિંહજી ગોહિલ તે સ્વ. અમરસિંહ, સ્વ. જગતસિંહજી, ભગીરથસિંહજી, હરદેવસિંહજીના માતૃશ્રી, ઘનશ્યામસિંહ, જયેન્દ્રસિંહ, સુરપાલસિંહ, સતપાલસિંહ, કુલદીપસિંહ, અર્જુનસિંહ, વિરલસિંહ, આદીત્યસિંહના દાદી તા.૧૨/૦૨/૨૫ના રોજ સ્વર્ગવાસને પામેલ છે. તેમનું બેસણું તા.૧૪/૦૨/૨૦૨૫ને શુક્રવારે સાંજે ૪થી ૬, નિવાસસ્થાને પ્લોટ નં.૨૬, દેસાઈનગર-૨, ભાવનગર રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૨૩/૦૨/૨૦૨૫ને રવિવાર ભાવનગર નિવાસસ્થાને રાખેલ છે.

**મહુવા**

ખીમજીભાઈ રૂખડભાઈ ગોહિલ (ઉ.વ.૬૩) નું તા.૧૩/૨ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તે લાભુભાઈ, ભીમજીભાઈ, વિક્રમભાઈના પિતાશ્રી, પાંચુભાઈ, મેઘજીભાઈ, પ્રેમજીભાઈ, ભુપતભાઈ, છગનભાઈના ભાઈ થાય છે. તેમની ઉત્તરક્રિયા તા.૨૦/૨ને ગુરૂવારે તેમના નિવાસસ્થાને રાખેલ છે.


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૧/૨૦૨૫ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.સોલંકી ભાવેશભાઈ મોહનભાઈ
રહે. મિતીયાળા, તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મિતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **માહીરા ભાવેશભાઇ સોલંકીનો જન્મ તા.૨૯/૦૮/૨૦૨૩** ના રોજ મુ. મિતીયાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since: 1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૩/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.મુંજપરા બાલાભાઈ વાલાભાઈ
રહે. કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મિતિયાળા -કૃષ્ણગઢ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **સોનલબેન બાલાભાઇ મુંજપરાનો જન્મ તા.૦૧/૦૭/૧૯૮૪** ના રોજ મુ. મિતિયાળા-કૃષ્ણગઢ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**


શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્ષ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠકકર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# રાજુલામાં ભાજપના ચૂંટણી કાર્યાલયોની મુલાકાત લેતા સાંસદ ભરત સુતરીયા

રાજુલા,તા.૧૪



રાજુલામાં નવા વિકાસ યુગની શરૂઆત કરવા માટે ભાજપ પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે ચૂંટણી મેદાનમાં છે. આગામી નગરપાલિકા ચૂંટણી માટે ભાજપના પ્રચાર અભિયાનમાં વધુ ઊર્જા ઉમેરવા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાએ શહેરના વિવિધ વોર્ડમાં ભાજપના કાર્યાલયોની મુલાકાત કરી હતી. ભાજપનું મિશન - વિકાસ અને સેવાનું છે ત્યારે સાંસદ ભરતભાઈ સુતરીયાએ ભાજપ કાર્યકરો, આગેવાનો અને નગરજનો સાથે મુલાકાત કરી અને પાર્ટીના વિઝન, વિકાસલક્ષી યોજના અને જનકલ્યાણ માટેની પ્રતિબદ્ધતા અંગે ચર્ચા કરી હતી. કાર્યકર્તાઓમાં જુસ્સો વધે તે માટે સાંસદ સુતરીયાએ ચૂંટણી કાર્યાલયોની મુલાકાત લઈ ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ઊર્જા વધારી હતી અને દરેક કાર્યકરે સંકલ્પ કર્યો કે નાગરિકોના આશીર્વાદથી ભાજપ એક વધુ ઐતિહાસિક વિજય નોંધાવશે. જંગી બહુમતી મળે તે માટે સાંસદ સુતરીયાએ ભાજપના તમામ ઉમેદવારો સાથે બેઠક યોજી હતી.

# ભોજલધામ ફતેપુરના મહંત ભક્તિરામબાપુને મોરારીબાપુના હસ્તે શ્રી ધ્યાન સ્વામી બાપા એવોર્ડ અર્પણ

સાવરકુંડલા, તા.૧૪




સ્વામી બાપાની ચેતન સમાધિના આંગણે પરમ પૂજ્ય મોરારીબાપુ દ્વારા દેહાણ જગ્યાઓને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ બદલ તેમજ વર્ષોથી ચાલતા અન્નક્ષેત્ર અને સંતોની સેવાઓ ધ્યાનમાં લઈ ધ્યાન સ્વામી બાપા ચેતન સમાધિ ટ્રસ્ટના માધ્યમથી પરમ પૂજ્ય ભોજલરામ બાપાની જગ્યા ભોજલધામને આ વર્ષે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ પૂજ્ય મોરારીબાપુના વરદ હસ્તે ભોજલધામ ફતેપુરના મહંત ભક્તિરામબાપુને શાલ, માળા પહેરાવીને અર્પણ કરાયો હતો. સંતો-મહંત તેમજ સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને દિપાવવા અમરેલીથી લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ભુવા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રોફેસર જે.ડી સાવલિયા, કાળુભાઈ સુહાગીયા, ગોરધનભાઈ માંદલીયા, મૂળજીભાઈ પાનેલીયા, ગોપાલભાઈ કચ્છી, રાજુભાઈ ટીબડીયા, દિવ્યેશભાઈ તળાવીયા, ગણપતભાઈ સેંજળીયા, યુ.બી. ભંડેરી, જગદીશભાઈ સાવલિયા તેમજ રાજકોટથી સાવલિયા પરિવારના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો

અમરેલી,તા.૧૪



અમરેલીમાં મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી અને પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થી ગૃહ દ્વારા અંધશાળા ખાતે ૯ ફેબ્રુઆરીના રોજ મોઢેશ્વરી માતાનો પાટોત્સવ અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ તકે જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખ, દિનેશભાઈ પરીખ, રાજુભાઈ પરીખ, ડૉ. દિનેશભાઈ ગાંધી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા-જામનગર એસ.ટી.ના કંડક્ટરે મુસાફરનો સાડા ત્રણ તોલાનો ચેન પરત કરી માનવતા દર્શાવી

બગસરા,તા.૧૪



બગસરાથી જામનગર જતી એસ.ટી. બસમાં એક પેસેન્જરનો અંદાજે સાડા ત્રણ તોલાનો ચેન મુસાફરી દરમ્યાન ખોવાયો હતો. તે ચેન ફરજ પરના કન્ડકટર રાજુભાઈ સોનાગરાને મળેલ હતો. હોલ્ટ દરમિયાન આ વાત પેસેન્જરના ધ્યાનમાં આવતા તે ચિંતિત બની ગયા હતા અને તેમણે કન્ડક્ટરને જણાવેલ કે મારો સોનાનો સાડા ત્રણ તોલા ચેન ખોવાયો છે જેની આશરે કિંમત ૨ લાખ થી ૨.૫૦ લાખ થાય છે. આ તકે ડ્રાઈવર જાંબુકીયા વિવેકભાઈ અને કંડક્ટર રાજુભાઈ સોનાગરાએ પેસેન્જરની ખરાઈ કરીને જામનગર ડેપોમાં ATIની હાજરીમાં તે ચેન મૂળ માલિકને પરત કરેલ. પેસેન્જરે ડ્રાઈવર અને કડક્ટર પ્રત્યે ખુબ આભાર વ્યક્ત કરેલ. સહુએ કંડકટરની માનવતાને બિરદાવી હતી.

# ધારીમાં ગઠીયો ઘરમાં ઘૂસીને બે મોબાઈલની ઉઠાંતરી કરી ગયો

ધારી, તા.૧૪

ધારીમાં એક ગઠીયો ઘરમાં ઘૂસીને બે મોબાઈલની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ધારીની પુરબીયા શેરીમાં રહેતા વિજયાબેન હરીભાઈ અઘેરા (ઉ.વ.૬૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના ઘરે એકલા હતા ત્યારે અજાણ્યો ચોર ઘૂસી ગયો હતો અને તેમનો સાદો કી પેડવાળો તથા સ્માર્ટ મોબાઈલ ફોન ચોરીને ફરાર થઈ ગયો હતો. બંને ફોનની કિંમત રૂ. ૮૫૦૦ જાહેર થઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના નેસડી-પાટી રોડેથી વાવડી ગામે જવાના રસ્તેથી એક યુવકના ખિસ્સામાંથી પડી ગયેલા રૂ. ૧૦,૯૯૯ની કિંમતના મોબાઈલ ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

# બાબરાના ઈંગોરાળા ગામે પિતાએ ઠપકો આપતાં પુત્રએ ઝેરી દવા પીધી

**ચક્કરગઢ ગામે વાડીએ યુવકે ઝેરી દવા ગટગટાવી**

અમરેલી, તા.૧૪

આજના યુવાનોની ધીરજ ખૂટી ગઈ હોય તેમ લાગે છે. જિલ્લામાં ઝેરી દવા પીવાના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. બાબરાના ઈંગોરાળા ગામે રહેતા એક પુત્રને તેના પિતાએ ઠપકો આપતાં લાગી આવ્યું હતું અને ઝેરી દવા પી લીધી હતી. જેના કારણે તેનું મોત થયું હતું. બનાવ અંગે મનસુખભાઈ જીવાભાઈ સોલંકી (ઉ.વ.૫૦)એ જણાવ્યુ કે તેમણે તેના પુત્ર ગોપાલભાઈ મનસુખભાઈ સોલંકી (ઉ.વ.૨૨)ને ઘરે કામ કરવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી ઝેરી દવા પી લેતાં મૃત્યુ થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય. આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીના ચક્કરગઢ ગામે યુવકે વાડીએ કોઈ કારણોસર કપાસમાં છાંટવાની દવા પીધી હતી.

જેને સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ખાંભાના આંબલીયાળા ગામે એક યુવકે ડીડીટી પીતાં સારવાર અર્થે ખસેડાયો હતો.

# અમરેલીની લેઉવા પટેલ મહિલા કોલેજમાં એમ.એસ.સી. કેમેસ્ટ્રી સેમ.-૩માં 100% પરિણામ

અમરેલી,તા.૧૪



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.એસ.સી. કેમેસ્ટ્રી સેમેસ્ટર-૩માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવ્યું છે. શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલમાં આવેલી કોલેજની તમામ વિદ્યાર્થિનીઓએ ડિસ્ટિંક્શન સાથે પરીક્ષા પાસ કરી છે. કોલેજમાં પ્રથમ ક્રમે પૂજા એ. ચાવડા (૮૨.૬૭%), દ્વિતીય ક્રમે ક્રિષ્ના આર. રફાળિયા (૭૮.૬૭%) અને તૃતીય ક્રમે અંજલી ડી. વાજા (૭૮.૧૭%) આવ્યા છે. સંકુલ પરિવાર તરફથી કોલેજના સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને રેન્કર્સને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સાવરકુંડલાની વંડા ગામની સ્કૂલના શિક્ષક સામે વધુ એક ફરિયાદ નોંધાઈ

**આ બાબતે વાત કરીશ તો માર પડશે તેવી ધમકી આપી**

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલાની વંડા ગામના શિક્ષક સામે વધુ એક ફરિયાદ નોંધાઈ હતી. નાની વડાળ ગામે રહેતા એક પુરુષે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરો જૂન ૨૦૨૪ થી વંડા મુકામે આવેલી જી.એમ. બીલખીયા સ્કૂલની હોસ્ટેલમાં રહી ત્યાં ધો.૧૦ માં અભ્યાસ કરતો હતો. આરોપી તેમના પુત્રના સુપરવાઈઝર તરીકે તથા ધોરણ-૧ થી ૯ સુધીના પી.ટી. શિક્ષક તરીકે પણ ફરજ બજાવતો હતો. તેણે તેમના પુત્રને રૂમમાં બોલાવી, દરવાજો બંધ કરી ઝાપટ મારી બળજબરીથી કપડાં કાઢી નાખ્યા હતા. બાદમાં પોતાના કપડાં કાઢી નાખી તેને બેડ ઉપર ઉંધા સુવડાવી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. તેણે આઠેક વખત આવું કુકર્મ કર્યું હતું. તેમજ આ બાબતે વાત કરીશ તો માર પડશે તેવી ધમકી આપી હતી.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ત્રીજ
તા. ૧૫-૦૨-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૬:૩૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

**તા.૧૫-૦૨-૨૦૨૫ શનિવાર**

મેષ: આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. વિચાર-વિમર્શ પછી કોઈ નિર્ણય લેશો તો સારા પરિણામ મળશે.

વૃષભ: દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો.

મિથુન: તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે.

સિંહ: આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે.

કન્યા: આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે.

તુલા: તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે સામાન્ય છે. નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે.

મકર: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઇચ્છે છે તે તમારી આસપાસ દેખાશે.

કુંભ: આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે.

મીન: આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં 'ભીત-પત્રિકા'નો અનાવરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૪



અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં ૩ ફેબ્રુઆરીના રોજ કૉલેજની પ્રથમ 'ભીત પત્રિકા'નો અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. આ 'ભીત-પત્રિકા'નું અનાવરણ અમરેલીના સુપ્રસિદ્ધ લેખિકા અને વક્તા ડૉ. કાલિંદીબેન પરીખના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજની સમગ્ર વિદ્યાર્થિનીઓ, અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ 'ભીત-પત્રિકા'માં કોલેજની વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકોના લેખ, ચિત્ર અને રચનાઓની પ્રસ્તુતિ કરી હતી. અધ્યાપક ડૉ. અરવિંદ ઉપાધ્યાયએ કાર્યક્રમની રુપરેખા રજૂ કરી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.બી.આર. ચુડાસમા, સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. વિલાસબેન સોરઠીયા દ્વારા ડૉ. કાલિંદીબેન પરીખનું પુષ્પગુછ અને સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

# રાજુલાના દાતરડી ગામે ગાળો બોલવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

રાજુલા, તા.૧૪

રાજુલાના દાતરડી ગામે યુવકે ગાળો બોલવાની ના પાડતાં ઢીકાપાટુ મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પ્રવીણભાઈ ધીરૂભાઈ ભીલએ શાંતિભાઈ મોહનભાઈ ભીલ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેના ઘર પાસે આવી શેરીમાં ગાળો બોલતા હતા. જેથી તેમણે ઘરની બહાર નીકળી ગાળો બોલવાની ના પાડતાં તેમને અશ્લીલ ગાળો બોલીને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૧/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.મુંજપરા વિમળાબેન મનુભાઈ
રહે. કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ-મિતિયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ભાવેશભાઇ મનુભાઇ મુંજપરાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૮૧** ના રોજ મુ. કૃષ્ણગઢ -મિતિયાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૦/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.લક્ષ્મીબેન વાસુરભાઈ ખુમાણ
રહે. મોટી વડાળ, તા.મહુવા જી.ભાવનગર

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **દેવજીભાઇ વાસુરભાઇ ખુમાણનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩** ના રોજ મુ. બાઢડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૨/૨૦૨૫ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.સોલંકી ભાવેશભાઈ મોહનભાઈ
રહે. મિતીયાળા, તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી મિતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી **આરૂષી ભાવેશભાઇ સોલંકીનો જન્મ તા.૨૮/૦૬/૨૦૨૧** ના રોજ મુ. મિતીયાળા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**તંત્રી લેખ**

# ભારત પાસેથી બ્રહ્મોસ મિસાઇલ ખરીદવા માટે અનેક દેશો તૈયાર

ભારત પાસેથી બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા માટે અનેક દેશો કતારમાં ઉભા છે, આ વર્ષે એક મેગા ડીલ થવા જઈ રહી છે! વિશ્વના ઘણા દેશો ભારતની બ્રહ્મોસ મિસાઈલ ખરીદવામાં રસ દાખવી રહ્યા છે. ફિલિપાઈન્સે ભારત પાસેથી તેને ખરીદવા માટે પહેલાથી જ એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને તેની ડિલિવરી ગયા વર્ષે શરૂ થઈ હતી. હવે બીજા દેશ સાથે બ્રહ્મોસના વેચાણ માટેનો એક મોટો સોદો વાટાઘાટોના અંતિમ તબક્કામાં છે. બ્રહ્મોસ મિસાઈલ ખરીદવામાં ઘણા દેશો રસ ધરાવે છે, વાતચીત ચાલી રહી છે. ફિલિપાઈન્સ બ્રહ્મોસનો પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રાહક છે, ડિલિવરી પણ ગયા વર્ષથી શરૂ થઈ હતી. ભારત અને રશિયાએ સંયુક્ત રીતે બ્રહ્મોસ વિકસાવ્યું, તેની ગતિ અવાજની ગતિ કરતા ત્રણ ગણી ઝડપી છે. બ્રહ્મોસ મિસાઈલના વેચાણ માટે એક દેશ સાથે વાટાઘાટો અંતિમ તબક્કામાં છે. આ વર્ષે મેગા ડીલ થઈ શકે છે. ભારતની બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલનો જાદુ ઘણા દેશોને મોહિત કરી રહ્યો છે. યુએઈ, સાઉદી અરેબિયા, વિયેતનામ, ઈજિપ્ત અને ઈન્ડોનેશિયા જેવા દેશો તેને ખરીદવામાં રસ દાખવી રહ્યા છે. ફિલિપાઈન્સે બ્રહ્મોસ ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કરી દીધા છે અને આ મિસાઈલોની ડિલિવરી પણ ગયા વર્ષે શરૂ થઈ ગઈ છે. ધ્વનિની ગતિ કરતાં ત્રણ ગણી વધુ ઝડપે મુસાફરી કરતી વિશ્વની એકમાત્ર સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રહ્મોસ ખરીદવા માટે ઈન્ડોનેશિયાની વાટાઘાટો હજુ પ્રારંભિક તબક્કામાં છે, પરંતુ અન્ય દેશ સાથેની વાટાઘાટો અંતિમ તબક્કામાં છે. 'ધ પ્રિન્ટ'ના એક અહેવાલમાં, સંરક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ એક સંવેદનશીલ સોદો હોવાથી, જે દેશ સાથે વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી છે તેનું નામ ગુપ્ત રાખવામાં આવ્યું છે. ઘણા દેશો બ્રહ્મોસ ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. યુએઈ, સાઉદી અરેબિયા, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત અને વિયેતનામ પણ બ્રહ્મોસ મિસાઈલો ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. મધ્ય પૂર્વના દેશો મિસાઈલના ભૂમિ સંસ્કરણમાં ખૂબ રસ લઈ રહ્યા છે. ધ પ્રિન્ટે સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે ઈન્ડોનેશિયા સાથેનો સોદો ખૂબ જ પ્રારંભિક તબક્કામાં છે. જ્યારે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રજાસત્તાક દિવસ પર મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા, ત્યારે એવું માનવામાં આવતું હતું કે બ્રહ્મોસ મિસાઈલ સોદા અંગે બંને દેશો વચ્ચેની વાતચીત વેગ પકડશે. ભારતે ગયા વર્ષે ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલો પહોંચાડવાનું શરૂ કર્યું હતું. ફિલિપાઈન્સ આ મિસાઈલનો પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રાહક છે. આ સોદો એન્ટી-શિપ ક્રુઝ મિસાઈલના કોસ્ટલ વર્ઝન માટે હતો, જેની રેન્જ ૨૯૦ કિમી છે. બ્રહ્મોસ મિસાઈલને ખતરનાક બનાવતી વિશેષતાઓ અનેક છે. બ્રહ્મોસ મિસાઈલની રેન્જ વિશે વાત કરીએ તો, તેનું એર વર્ઝન ૪૦૦ થી ૫૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરવામાં સક્ષમ છે. મિસાઈલોના જમીન અને દરિયાઈ સંસ્કરણોની રેન્જ ૮૦૦ થી ૯૦૦ કિલોમીટર છે. ભારત હવે તેની રેન્જ ૧૫૦૦ કિલોમીટર સુધી વધારવાની દિશામાં કામ કરી રહ્યું છે. બ્રહ્મોસ મિસાઈલ સપાટીથી ઓછામાં ઓછી ૧૦ મીટર અને મહત્તમ ૧૫ કિલોમીટરની ઊંચાઈએ ઉડીને હુમલો કરી શકે છે.

# અમેરિકાની ધરતી પર વડાપ્રધાનની સાફ વાત, ભારત અમારા માટે સર્વોચ્ચ !!

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અમેરિકાની ધરતી પર જ ભારતના વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે ભારત કોઈના દબાણમાં નથી, અમારા માટે ભારત સર્વોચ્ચ સ્થાને છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસની સત્તાવાર મુલાકાતે અમેરિકામાં છે. આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન, પીએમ મોદી ગુરુવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ બેઠક બંને દેશો માટે ખૂબ જ સકારાત્મક રહી. આ બેઠક દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને સંરક્ષણ તેમજ ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. પત્રકાર પરિષદને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "ભારતના લોકો ૨૦૪૭ માં વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છે.

ભારત-અમેરિકા વેપાર બમણો થશે: બંને દેશો વચ્ચેની આ ઐતિહાસિક બેઠકના કેન્દ્રમાં આર્થિક સહયોગ હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૩૦ સુધીમાં ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપારને બમણો કરીને $૫૦૦ બિલિયન કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય પર સંમત થયા. તમને જણાવી દઈએ કે હાલમાં, અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે, જેનો ૨૦૨૪ માં વેપાર $૧૨૯.૨ બિલિયન હતો.

અમેરિકાનું લક્ષ્ય ભારતનો ટોચનો સપ્લાયર બનવાનું છે. બંને દેશો વચ્ચેની આ ભાગીદારીના મહત્વ પર બોલતા ટ્રમ્પે કહ્યું, અમે ઊર્જા પર એક મહત્વપૂર્ણ કરાર પર પહોંચ્યા છીએ જે યુનાઇટેડ સ્ટેટ્સને ભારતને તેલ અને ગેસના મુખ્ય સપ્લાયર તરીકે પુનઃસ્થાપિત કરશે. તેમણે ભાર મૂક્યો કે યુએસનું લક્ષ્ય ભારતનું ટોચનું સપ્લાયર બનવાનું છે, બંને દેશો માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનું છે.

અમેરિકા ભારતને F૩૫ ફાઈટર જેટ આપશે: બીજી એક મોટી જાહેરાતમાં, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ભારતને તેના લશ્કરી વેચાણમાં અબજો ડોલરનો વધારો કરશે અને ભારતને F૩૫ ફાઈટર જેટ પૂરા પાડશે. ટ્રમ્પે કહ્યું, ભારત ભારતીય બજારમાં યુએસ પરમાણુ ટેકનોલોજીનું સ્વાગત કરવા માટે તેના કાયદાઓમાં સુધારો કરી રહ્યું છે, જે અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તરે છે. આનાથી લાખો ભારતીયોને સલામત, સ્વચ્છ અને સસ્તી વીજળી મળશે.

ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ પર દેખાડો કરી રહ્યા હતા તે સમયે પીએમ મોદીએ પણ 'ટિટ ફોર ટેટ' જવાબ આપ્યો હતો. તેઓ વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા, જેમાં ભારત-અમેરિકા મિત્રતા, ટેરિફ અને ખાલિસ્તાનીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ટ્રમ્પે તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની જાહેરાત કરી. ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીએ ભારત-અમેરિકા મિત્રતાને વધારવાના માર્ગો પર ચર્ચા કરી હતી. પીએમ મોદીની અમેરિકા



મુલાકાતથી ભારતને ફાયદો થયો છે. ટ્રમ્પે બધાની સામે તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની જાહેરાત કરી. એટલું જ નહીં, મોદીની સામે ટ્રમ્પે ખાલિસ્તાનીઓ પર કડક કાર્યવાહી કરવાની પણ વાત કરી. ડોનાલ્ડ ટ્રમ્પે મોદીની ખૂબ પ્રશંસા કરી અને તેમને એક મહાન નેતા ગણાવ્યા. તેમણે કહ્યું કે પીએમ મોદી તેમના કરતા વધુ સારા વાટાઘાટકાર છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે જાહેરાત કરી કે અમેરિકા ભારતને F-૩૫ સ્ટીલ્થ ફાઈટર આપશે. જ્યારે મોદીનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેમણે અમેરિકાને ઈશારા દ્વારા સમજાવ્યું. અમે જવાબ આપવા માટે ટિટનો ઉપયોગ કરવામાં શરમાઈશું નહીં. જો ટ્રમ્પ માટે અમેરિકા પહેલા આવે છે, તો પીએમ મોદી માટે પણ ભારત પહેલા આવે છે.

ખરેખર, શુક્રવારે વહેલી સવારે વ્હાઈટ હાઉસમાં પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ દરમિયાન ટ્રમ્પે ઘણી જાહેરાતો કરી. તેમણે ટેરિફ અંગે અમેરિકાના ઈરાદા સ્પષ્ટ કર્યા. આ પછી, જ્યારે પીએમ મોદીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક મળી, ત્યારે તેમણે આ પ્રસંગે ચોગ્ગો ફટકાર્યો. તેમણે પોતાની છાતી ઉંચી કરીને અને હાવભાવ દ્વારા સ્પષ્ટ કર્યું કે ભારત પણ અમેરિકાને જડબાતોડ જવાબ આપશે. પીએમ મોદીએ કહ્યું કે જેમ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અમેરિકાનું હિત સર્વોપરી છે, તેવી જ રીતે ભારતનું હિત પણ આપણા માટે સર્વોપરી છે. તેમણે કહ્યું કે જેમ અમેરિકન રાષ્ટ્રપતિ અમેરિકન હિતોને પ્રથમ રાખે છે, તેમ તેઓ ભારતના હિતોને પણ પ્રાથમિકતા આપે છે. તેમ મોદીએ ઈશારા દ્વારા સમજાવ્યું. જોકે પીએમ મોદીએ ડાયરેક્ટ ટેરિફનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાતો કહે છે કે પીએમ મોદી આ જ તરફ ઈશારો કરી રહ્યા હતા. આનું કારણ એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીની સામે ભારતમાં ટેરિફનો ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ અમેરિકન ધરતી પરથી જ સંકેત આપ્યો કે ભારત તેમનાથી ડરશે નહીં. ભારત જે યોગ્ય લાગશે તે કરશે. તે કોઈના દબાણમાં આવશે નહીં. અહીં એ જાણવું મહત્વપૂર્ણ છે કે રશિયા પાસેથી તેલ ન ખરીદવા માટે પણ અમેરિકાએ ભારત પર ઘણું દબાણ કર્યું હતું. ત્યારે પણ ભારતે પોતાનું વલણ અપનાવ્યું હતું.

હવે પ્રશ્ન એ છે કે ટ્રમ્પે ટેરિફ પર શું વલણ અપનાવ્યું? તેમણે કહ્યું હતું કે ભારતમાં ટેરિફ ખૂબ ઊંચો છે. ટ્રમ્પે ભારતના ઊંચા ટેરિફની ટીકા કરી હતી. તેમણે યાદ અપાવ્યું કે ભારે આયાત જકાતને કારણે હાર્લી-ડેવિડસનને ભારતીય બજારમાં પ્રવેશવા માટે કેવી રીતે સંઘર્ષ કરવો પડ્યો હતો. ભારતમાં ટેરિફ અંગેના પ્રશ્નના જવાબમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે આપણને સમાન રમતના મેદાનની જરૂર છે. ભારત ગમે તેટલો ટેરિફ લાદે, અમે પણ તેમના પર એ જ ટેરિફ લાદીશું. ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જ્યારે પારસ્પરિક ટેરિફની વાત આવે છે, ત્યારે કોઈને પણ મુક્તિ આપવામાં આવશે નહીં. જોકે, વ્હાઈટ હાઉસ ખાતે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને એક મહાન નેતા ગણાવ્યા અને તેમની ખૂબ પ્રશંસા કરી. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે કોણ વધુ કઠોર વાટાઘાટકાર છે, ત્યારે અમેરિકન રાષ્ટ્રપતિએ શરણાગતિ સ્વીકારી લીધી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેઓ (પીએમ મોદી) મારા કરતા ઘણા કઠોર વાટાઘાટકાર છે અને મારા કરતા ઘણા સારા વાટાઘાટકાર પણ છે. આમાં કોઈ સ્પર્ધા નથી. તે જ સમયે, ટ્રમ્પે તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની જાહેરાત કરીને ભારતને બીજી એક મોટી ખુશખબર આપી.

ડોનાલ્ડ ટ્રમ્પ ઓન ઈન્ડિયા યુએસ રિલેશન્સ વિશે શું કહ્યું? નરેન્દ્ર મોદીને મળ્યા બાદ, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે તેમને નથી લાગતું કે ભારત અને બાઈડેન વહીવટીતંત્ર વચ્ચે સારા સંબંધો છે.

પીએમ મોદીની અમેરિકા મુલાકાતઃ 'બાઈડન વહીવટીતંત્રે ભારત સાથે સારા સંબંધો જાળવી રાખ્યા નથી. ઘણી બધી બાબતો એવી બની જે યોગ્ય નહોતી.'' યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પુરોગામીના કાર્યકાળ દરમિયાન થયેલી ભૂલો સ્વીકારી છે. પીએમ મોદી સાથેની દ્વિપક્ષીય બેઠક બાદ ટ્રમ્પે કહ્યું કે 'ભારત અને બાઈડેન વહીવટીતંત્ર વચ્ચે ઘણી બધી બાબતો બની જે ખૂબ યોગ્ય નહોતી.' ટ્રમ્પે અમેરિકામાં ભારત વિરોધી તત્વોની હાજરી સંબંધિત પ્રશ્નના જવાબમાં આ નિવેદન આપ્યું હતું. થોડી મિનિટો પહેલા જ, ટ્રમ્પે ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાખોરોમાંના એક (તહવવુર રાણા) ના પ્રત્યાર્પણને મંજૂરી આપવાની જાહેરાત કરી હતી.

**પીએમ મોદીએ અમેરિકન ધરતી પરથી જ સંકેત આપ્યો કે ભારત તેમનાથી ડરશે નહીં. ભારત જે યોગ્ય લાગશે તે કરશે. તે કોઈના દબાણમાં આવશે નહીં. અહીં એ જાણવું મહત્વપૂર્ણ છે કે રશિયા પાસેથી તેલ ન ખરીદવા માટે પણ અમેરિકાએ ભારત પર ઘણું દબાણ કર્યું હતું. ત્યારે પણ ભારતે પોતાનું વલણ અપનાવ્યું હતું. જો ટ્રમ્પ માટે અમેરિકા પહેલા આવે છે, તો પીએમ મોદી માટે પણ ભારત પહેલા જ આવે છે.**

## શબ્દ સંજોગ-૧૯૫૧




**આડી ચાવી :**
(૧) ચંદ્રનો ઉદય (૪)
(૪) નિર્મળ, શુદ્ધ (૩)
(૬) પ્રતિજ્ઞા, ટેક (૨)
(૭) તીર મારવામાં કુશળ (૪)
(૧૦) મદદ (૩)
(૧૧) તાળાવાળુ ખાનું (૩)
(૧૩) .....એટલી ઓભા (૨)
(૧૫) શરીરની ત્રણ ધાતુઓમાંની એક (૨)
(૧૬) મૂગું (૨)
(૧૭) એક તંતુવાદ્ય (૩)
(૧૮) નકામું (૨)
(૧૯) કિનારો, કાંઠો (૨)
(૨૧) દુઃખ ખમી શકે એવું, ખરવાણ (૪)
(૨૩) ઝાડનો મૂળ જાડો ભાગ (૨)
(૨૫) ફળ, પરિણામ (૨)
(૨૭) ખાડાટેકરા વિનાનું (૩)
(૨૮) ઈન્ડોનેશિયાનો એક દ્વીપ (૨)
(૨૯) નિસબત, સબંધ (૪)

**ઉભી ચાવી :**
(૧) ચંપો (૩)
(૨) પાંડવકૌરવોના ગુરુ (૨)
(૩) અનાથ બાળ (૩)
(૪) અભિનયની છટા (૨)
(૫) માળ, મેડો (૩)
(૮) ગરીબ (૨)
(૯) હોડ, કરાર (૩)
(૧૦) પૃથ્વીની છાયા (૨)
(૧૨) તરતીબ, તાલીમ (૪)
(૧૩) દિલગીરી, સંતાપ (૨)
(૧૪) આકાશમાંથી ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા (૪)
(૧૬) મૂર્ખ (૩)
(૧૭) જાહેર, જાણીતુ (૩)
(૧૮) લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલુ એક અંગ્રેજી વજન (૩)
(૨૦) ઘડિયાળનો અવાજ (૪)
(૨૨) એક વાદ્ય (૩)
(૨૪) ડસવું તે, દાંત (૩)
(૨૬) દરવાજાવાળો મહોલ્લો (૨)

## શબ્દ સંજોગ-૧૯૫૦ જવાબ

**આડી ચાવી:** (૨) ઉત્કટ (૩) કાસદ (૬) નિમિત (૮) પયગામ (૯) વાસર (૧૧) મુખવાસ (૧૩) વરખ (૧૪) ત્સરમ(મત્સર) (૧૬) વર્ણ (૧૭) માંગલ્ય (૧૮) નત (૨૦) ટન (૨૧) બખોલ (૨૨) બલિદાન (૨૪) ક્ષમ્ય (૨૫) કટી (૨૬) શાયર.
**ઉભી ચાવી:** (૧) અનિવાર્ય (૨) ઉત્તર (૩) કાયદેસર (૪) સગા (૫) દમદાટી (૭) મિસ (૧૦) સાખ (૧૧) મુખવાસ (૧૨) વાત્સલ્ય (૧૩) વર્ણન (૧૫) મનખો (૧૬) વટવૃક્ષ (૧૯) તલવાર (૨૩) દાટી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૭ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૬૧૧ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૭૫૧ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૬૦ |
| જુવાર લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૫૧૨ |
| ચણા પીળા | ૯૭૫ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૨૦૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૮૦ |
| મગ | ૧૨૦૫ | ૧૭૯૦ |
| વાલ પાપડી | ૯૦૦ | ૧૨૩૦ |
| ચોળી | ૧૨૪૫ | ૨૦૪૧ |
| મઠ | ૮૧૫ | ૮૧૫ |
| વટાણા | ૧૮૦૦ | ૨૩૮૫ |
| કળથી | ૬૭૫ | ૮૨૫ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૨૨ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૨૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૦૯૯ |
| સુરજમુખી | ૮૫૭ | ૮૫૭ |
| એરંડા | ૧૧૪૬ | ૧૨૨૮ |
| અજમો | ૧૩૮૦ | ૨૨૮૦ |
| સુવા | ૯૧૫ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૪૦ | ૭૮૨ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૫૦૦ | ૫૦૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૫૮૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૨૨૫ |
| ધાણી | ૧૩૧૦ | ૨૧૦૦ |
| વરીયાળી | ૧૧૮૦ | ૧૩૩૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૩૯૭૫ |
| રાય | ૧૦૫૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૫૦ | ૯૫૦ |
| રાયડો | ૯૫૦ | ૧૧૧૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૫૪૦ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૫૦ | ૧૫૦ |
| સકરીયા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦ | ૪૦ |
| ફ્લાવર | ૧૧૦ | ૨૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૨૦ | ૩૫૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૧૨૦ | ૨૩૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૬૦ |
| આદુ | ૫૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ગિરનારી શીંગ | ૧૧૬૨ | ૧૨૧૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૦૩ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૫૫૫ | ૨૨૫૫ |
| તલ કાળા | ૩૮૦૫ | ૪૪૨૫ |
| જુવાર | ૮૫૫ | ૯૯૨ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૯૧ |
| ઘઉં લોકવન | ૬૨૦ | ૬૭૧ |
| અડદ | ૧૩૧૨ | ૧૩૯૦ |
| ચણા | ૧૦૦૩ | ૧૧૩૬ |
| તુવેર | ૧૦૭૨ | ૧૪૯૩ |
| કપાસ | ૯૩૫ | ૧૪૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૮ |
| ધાણા | ૧૦૯૦ | ૧૪૨૨ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૭ |
| મરચા લાંબા | ૩૯૦ | ૨૮૬૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૬૦ |
| તલકશ્મીરી | ૨૫૮૧ | ૨૫૮૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૩૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૮૦ | ૧૨૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણા | ૪૦૦ | ૪૫૦ |
| ચોળાલીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ચણાં લીલા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૬૫૦ | ૭૩૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૫૦ |
| મેથીભાજી | ૧૦૦ | ૧૬૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૫૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૪૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૪૮૦ |
| લસણ લીલુ | ૪૦૦ | ૫૦૦ |
| લસણ સુકુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૬૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૧૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| તુવેર | ૭૦૦ | ૯૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૧૧ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૬૯૦ |
| મગફળી જીણી | ૭૩૧ | ૧૨૦૧ |
| સિંગદાણા જાડા | ૧૦૬૧ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૪૦૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૫૮૧ |
| ડુંગળી લાલ | ૧૬૧ | ૬૬૧ |
| અડદ | ૧૦૭૧ | ૧૬૭૧ |
| મઠ | ૭૫૧ | ૮૮૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૫૨૧ |
| રાય | ૮૪૧ | ૧૦૧૧ |
| મેથી | ૯૦૧ | ૯૬૧ |
| કાંગ | ૬૬૧ | ૮૭૧ |
| મરચા | ૪૦૧ | ૩૩૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૮૧ |
| નવા ધાણા | ૯૦૧ | ૨૨૫૧ |
| નવી ધાણી | ૧૦૦૧ | ૩૦૭૬ |
| નવું જીરૂ | ૩૨૦૧ | ૪૧૮૧ |
| નવું લસણ | ૪૩૧ | ૧૩૭૧ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૭૨૬ |
| તલ - તલી | ૧૬૩૧ | ૨૩૪૧ |
| ધાણી | ૯૦૧ | ૧૭૭૬ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૯૬ |
| મકાઇ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૧૦૬૧ | ૧૮૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૮૧ |
| વાલ | ૫૯૧ | ૧૨૦૧ |
| ચોળા / ચોળી | ૭૩૧ | ૨૩૩૧ |
| સોયાબીન | ૫૨૧ | ૭૭૬ |
| કળથી | ૬૩૧ | ૬૩૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૮૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૬૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૨૦ | ૭૦૦ |
| વટાણા | ૩૨૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૭૬૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૪ | ૧૦ |
| મૂળા પુરા | ૪ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૩૨૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૨૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૨૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૧૫ |
| કપાસમીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળીજીરા૨૦ | ૧૦૩૨ | ૧૦૬૮ |
| ઘઉં | ૫૧૨ | ૬૬૮ |
| ચણા | ૧૧૦૪ | ૧૧૪૬ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૨૮૦ | ૩૫૦૦ |
| સોયાબીન | ૯૨૦ | ૭૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૧૩ |
| ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૩૩ |
| ચણા | ૮૦૦ | ૧૦૨૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૦ |
| તુવેર | ૯૧૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૦૨૨ | ૧૦૮૦ |
| મગફળી | ૫૬૦ | ૯૦૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૩૯૫ |
| તલ કાળા | ૩૮૨૫ | ૩૮૨૫ |
| તલસફેદ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| રાય | ૯૬૦ | ૯૬૦ |
| અજમા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| મગફળી | ૯૫૦ | ૯૭૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| સફેદ તુવેર | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ધાણા | ૧૨૦ | ૧૨૦૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૨૬ |
| શીંગ ગીરનાર | ૧૦૬૩ | ૧૧૩૪ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૦૧૩ |
| શીંગ જી-૨૦ | ૯૭૦ | ૧૦૮૩ |
| જુવાર | ૩૦૦ | ૧૦૧૩ |
| બાજરી | ૪૪૮ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૭૦૧ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| મગ દેશી | ૧૯૬૦ | ૧૯૬૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૮૫ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૧૫૫૦ |
| તુવેર | ૭૫૦ | ૧૪૩૫ |
| ડુંગળી લાલ | ૨૨૩ | ૬૬૬ |
| ડુંગળી સફેદ | ૨૩૦ | ૪૬૯ |
| કપાસ શંકર | ૫૦૦ | ૧૪૪૦ |
| નાળીયેર | ૬૫૦ | ૨૬૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૨૬ | ૧૦૦૦ |
| તલ પીળા | ૨૪૪૧ | ૨૫૫૫ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૬૫ |
| બાજરો | ૫૧૪ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૨ |
| જુવાર | ૮૩૦ | ૯૩૦ |
| મગ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૫૨ |
| ચણા | ૧૦૧૫ | ૧૧૦૮ |
| રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| અજમા | ૧૮૦૧ | ૧૮૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૧૦ | ૧૦૫૦ |
| શીંગ મોટી | ૧૦૨૫ | ૧૧૦૮ |
| તલ સફેદ | ૧૫૬૧ | ૧૯૪૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૫૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉ લોકવન | ૫૬૦ | ૬૬૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૮૦ |
| બાજરો | ૫૫૦ | ૬૭૦ |
| જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| અડદ | -- | ૧૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૦૮ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૬૧ | ૧૪૪૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરા૨૦ | ૯૪૦ | ૧૧૧૭ |
| મગફળી ૩૨નં | ૯૧૧ | ૧૦૩૫ |
| બાજરી હાઈબ્રીડ | ૫૧૧ | ૬૨૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૮૧ |
| રાયડો | ૭૫૦ | ૧૦૨૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૦૭ |
| જુવાર | ૫૫૫ | ૧૦૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૩૬ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૬૪૦ |
| સોયાબીન | ૭૧૧ | ૭૯૯ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૪૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૭ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૧૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૯૭૫ | ૧૧૪૮ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૨૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૯૯ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૩ |
| તલ | ૧૫૫૦ | ૧૯૨૦ |
| રાયડો | ૯૦૦ | ૧૨૪૯ |
| લસણ | ૬૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૭૦ |
| અજમો | ૨૧૭૦ | ૫૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૫૫ |
| મરચા સુકા | ૪૧૦ | ૨૮૭૦ |
| સોયાબીન | ૬૫૫ | ૨૮૭૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૨૧૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૬૧ |
| મગફળી | ૯૫૧ | ૯૫૧ |
| જુવાર સફેદ | ૫૮૦ | ૫૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૩૦૬ | ૧૩૦૬ |
| ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કૌશિક વેકરીયાએ ગાવડકા ગામની મુલાકાત લઈ સમૂહલગ્નનું આમંત્રણ સ્વીકાર્યું

**અમરેલીના ધારાસભ્યે ગાવડકા ગામના સર્વ જ્ઞાતિ સમૂહલગ્નમાં હાજરી આપવાની આપી ખાતરી**



અમરેલી,તા.૧૪

અમરેલી વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ આજે ગાવડકા ગામે પધારી સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આમંત્રણ સ્વીકાર્યું હતું. આગામી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વેલનાથ મંદિર ખાતે યોજાનાર આ સમૂહલગ્નમાં ગરીબ અને શ્રમિક પરિવારના સંતાનોના લગ્ન યોજાશે. અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં ટૂંકા સમયમાં જ લોકોના દિલમાં સ્થાન મેળવનાર વેકરીયા અનેક સરકારી અને સામાજિક કાર્યક્રમોમાં વ્યસ્ત હોવા છતાં સમૂહલગ્ન સમિતિના પ્રતિનિધિઓ અને ગામના અગ્રણીઓની હાજરીમાં રૂબરૂ આમંત્રણ સ્વીકારવા પહોંચ્યા હતા. સમૂહલગ્ન સમિતિના આયોજકો ધીરૂભાઈ મકવાણા અને ભીખુભાઈ સાવડીયાની સંયુક્ત યાદી અનુસાર, વેકરીયાએ 'સરકાર તમારે દ્વારે'નો સાચો અર્થ સમજાવ્યો છે.

# અમરેલી જિલ્લાની વિવિધ ચૂંટણીઓમાં ભાજપને બહુમતીથી જીતાડવા નારણ કાછડીયાનો અનુરોધ

**૧૬ ફેબ્રુઆરીએ જિલ્લાની ચલાલા, લાઠી, રાજુલા, જાફરાબાદ નગરપાલિકાઓની ચૂંટણી**

અમરેલી,તા.૧૪

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણી અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા માટે મતદારોને અપીલ સહ અનુરોધ કર્યો છે. પૂર્વ સાંસદે જણાવ્યું છે કે, કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ગરીબ, કિસાન, મહિલાઓ અને છેવાડાના લોકોના ઉત્થાનની



સાથે સાથે ગામ અને શહેરનો પણ વિકાસ થાય તે માટે સતત નવી નવી યોજનાઓ અને પરિયોજનાઓ થકી વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ૧૬ ફેબ્રુઆરીએ જિલ્લાની ચલાલા, લાઠી, રાજુલા, જાફરાબાદ નગરપાલિકાઓ અને અમરેલી શહેરનાં વોર્ડ નંબર ૫ અને ૭, સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૩, દામનગર શહેરના વોર્ડ નંબર ૨ અને ૩ ની પેટાચૂંટણીઓ તેમજ તાલુકા પંચાયત સીટો ઉપર પેટાચૂંટણીનું મતદાન થવાનું છે.

# ઉના ખાતે મંત્રી પરસોત્તમ સોલંકીએ માછીમાર પરિવારોની મુલાકાત લીધી

ઉના, તા.૧૪



તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના ખાતે ગુજરાત રાજયના મત્સ્યઉદ્યોગ-પશુપાલન વિભાગના મંત્રી પરસોત્તમભાઈ સોલંકીએ માછીમારી પરિવારની મુલાકાત લઈને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. માછીમારી પરિવારની મહિલાઓ દ્વારા પરસોત્તમભાઈ સોલંકીને પાકિસ્તાન જેલમાં પકડાયેલા માછીમાર ભાઈઓને વહેલી તકે છોડાવવા માટે વિનંતી કરી હતી. મંત્રી સોલંકીએ તાત્કાલિક સરકાર સુધી વાત પહોંચાડીને ટેલીફોનીક વાત કરી હતી.

# ઉનામાં ત્રણ દિવસમાં ટ્રાફિક નિયમભંગ બદલ ૧૪,૪૦૦નો દંડ વસૂલ કરાયો

ઉના,તા.૧૪

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની પેટાચૂંટણી ૨૦૨૫ અને આગામી ધાર્મિક તહેવારોને ધ્યાનમાં રાખીને ઉના પોલીસ અને ગીર સોમનાથ લોકલ ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. તા. ૧૧થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન ઉના ટાવર ચોક, ત્રિકોણબાગ અને વડલા ચોક ખાતે યોજાયેલી આ ઝુંબેશમાં હેલ્મેટ, સીટબેલ્ટ



અને ડ્રાઈવિંગ લાયસન્સ સહિતના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન કુલ ૩૩ એન.સી. કેસો નોંધવામાં આવ્યા અને રૂ. ૧૪,૪૦૦નો સ્થળ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. ઉના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. રાણા અને લોકલ ક્રાઈમ બ્રાંચના પો.સબ.ઈન્સ. એ.સી. સિંધવના નેતૃત્વમાં ટ્રાફિક ઈન્ચાર્જ એ.એસ.આઈ. બી.કે. ખસીયા, એ.એસ.આઈ. બી.કે. વાજા અને સર્વેલન્સ ટીમે ટ્રાફિક બ્રિગેડના સભ્યો સાથે મળીને આ કામગીરી પાર પાડી હતી.

# ઉનામાં કોળી સેના દ્વારા તૃતીય સમૂહ લગ્નોત્સવ યોજાશે

ઉના,તા.૧૪

ઉનામાં શાહ એચ.ડી. હાઈસ્કૂલના પટાંગણમાં કોળી સેના અને દિપસ્વી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તૃતીય સમૂહલગ્ન સમારોહ રવિવાર, ૧૬/૦૨/૨૦૨૫ના રોજ યોજાશે. આ પ્રસંગે મંત્રી પરસોત્તમભાઈ સોલંકી હાજર રહેશે. આ ત્રીજા વર્ષે પણ દીપાબેન બાંભણીયા દ્વારા માતા-પિતા વિનાની દીકરીઓને અનેરો કરિયાવર પણ અપાશે. ઉના-ગીરગઢડા તાલુકા સમસ્ત



કોળી સમાજ તથા 'કોળી સેના' ઉના આયોજીત તૃતીય સમૂહલગ્ન સમારોહમાં ૧૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલા માંડશે. આ સમૂહ લગ્નોત્સવની શોભામાં અભિવૃધ્ધી માટે પધારવા સહુને આમંત્રણ પણ આપવામાં આવ્યું છે.

# વેલેન્ટાઈન ડે ને બદલે બગસરા શાળામાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ

બગસરા,તા.૧૪

બગસરાની શાળા નંબર ૪ માં વેલેન્ટાઈન ડે ની ઉજવણીના બદલે ભારતીય સંસ્કૃતિના પ્રતિક રૂપે માતૃ-પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાની આરતી ઉતારી અને વંદના કરી હતી, જેમાં લાગણીસભર ક્ષણો સર્જાતા



અનેક વાલીઓની આંખો ભીંજાઈ ગઈ હતી. આ વિશેષ કાર્યક્રમ અમદાવાદ સ્થિત શેઠ ચંપકલાલ ખુશાલદાસ પારેખ મેમોરિયલ ટ્રસ્ટના સહયોગથી યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી પ્રફુલભાઈ સાવલિયા, કેળવણી નિરીક્ષક રમેશભાઈ માલવીયા તથા અન્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના અનોખા પ્રયાસની વાલીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના સમગ્ર સ્ટાફે મહેનત કરી હતી.

# શિક્ષણ સાથે સંસ્કાર મળે ત્યારે જ ખરી કેળવણી: કાનજીભાઈ ભાલાળા

**સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના ૯૮મા વિચારોના વાવેતર કાર્યક્રમમાં વક્તાઓએ કેળવણીનું મહત્વ સમજાવ્યું**

સુરત,તા.૧૪

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા વરાછા બેંક ઓડિટોરિયમ ખાતે યોજાયેલા ૯૮મા વિચારોના વાવેતર કાર્યક્રમમાં શિક્ષણ અને કેળવણી વિશે મહત્વપૂર્ણ વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. મુખ્ય વક્તા કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે શિક્ષણથી વ્યક્તિ તજજ્ઞ બને છે, પરંતુ કેળવણીથી માણસ બને છે. ધોળકિયા નિર્માણ ઓપન લર્નિંગ કોમ્યુનિટીના ડાયરેક્ટર સંગીતાબેન દુધાતે જણાવ્યું કે આજના સમયમાં ડિગ્રી સાથે સમજણની આવશ્યકતા છે. તેમણે સમજણપ્રધાન સમાજની જરૂરિયાત પર ભાર મૂક્યો અને વધતા આપઘાતના કારણોમાં સમજણ વગરના શિક્ષણને જવાબદાર ગણાવ્યું હતું. કાર્યક્રમમાં સુરત જ્વેલરી મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના નવનિયુક્ત પ્રમુખ જયંતીભાઈ સાવલિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે સુરતમાં જ્વેલરી ઉદ્યોગમાં રોજગારીની તકો અને મહિલા સશક્તિકરણ માટેની યોજનાઓની માહિતી આપી. કાર્યક્રમમાં વરાછા બેંકના જનરલ મેનેજર વિઠ્ઠલભાઈ ધાનાણી અને ઉના તાલુકા સમાજના અગ્રણી જયંતીભાઈ ભાલાળાની ૨૧ કિલોમીટરની દોડની સિદ્ધિની નોંધ લેવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

# ધોરાજી નગરપાલિકા ચૂંટણી: તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ

ધોરાજી,તા.૧૪

ધોરાજી નગરપાલિકાની આગામી રવિવાર તારીખ ૧૬ના રોજ યોજાનારી ચૂંટણી માટે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. નાયબ કલેક્ટર નાગાજણ તરખાલા અને મામલતદાર પંચાલ સહિતની ટીમે ચૂંટણી પ્રક્રિયાની તમામ વ્યવસ્થાઓનું સુચારુ આયોજન કર્યું છે. ચૂંટણી તંત્ર દ્વારા ઉમેદવારોના ક્રમાંક અને ચૂંટણી ચિહ્ન સાથેના ઈવીએમ મશીનો તૈયાર કરી, પોલીસ બંદોબસ્ત હેઠળ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે. મતદાન મથકો પર પોલીસ કર્મચારીઓ અને જીઆરડી જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે, જ્યારે સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે. મતદાન દરમિયાન પોલીસ વાહનો દ્વારા ૨૪ કલાક પેટ્રોલિંગ કરવામાં આવશે. મતદાન સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાશે, જેમાં કુલ ૬૮,૩૫૬ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ મતદારોમાં ૩૪,૮૮૮ પુરુષ, ૩૩,૪૬૭ સ્ત્રી અને ૧ અન્ય મતદારનો સમાવેશ થાય છે. મતદારો આધાર કાર્ડ, રેશન કાર્ડ કે ડ્રાઈવિંગ લાયસન્સ જેવા ઓળખના પુરાવા રજૂ કરીને મતદાન કરી શકશે. દિવ્યાંગ મતદારો માટે વ્હીલચેરની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગીર ગઢડાના ફાટસર ગામે ગૌચરણમાંથી માટીની ચોરી કરતા ચાર ટ્રેક્ટર, જે.સી.બી. ઝડપાયા

ઉના, તા.૧૪

ફાટસર ગામે ઘણા સમયથી ગૌચરણમાંથી માટી ખનન કરી લાખો ટન માટીની ચોરી કરી ખેડૂતોના ખેતરોમાં નાખવાનું કૌભાંડ ગીર ગઢડા મામલતદારે ઝડપી પાડ્યું હતું. તા. ૧૩-૨-૨૫ ના રોજ બપોરના સમયે ફાટસર ગામે આવેલ ગૌચરણમાંથી કોઈ મોટા માથાના આશીર્વાદથી ટ્રેક્ટર અને જેસીબી દ્વારા લાખો ટન માટી ખેડૂતોના ખેતરોમાં ઉંચા ભાવે વેચાતી હોવાથી મામલતદારને ચોક્કસ બાતમી મળતા સ્થળ ઉપર સ્ટાફ સાથે પહોંચી ચાર ટ્રેક્ટર અને એક જેસીબી મશીન જપ્ત કર્યા હતા. જેની અંદાજિત કિંમત ૨૦ થી ૨૨ લાખ રૂપિયા છે. આ કૌભાંડમાં ફાટસર ગામે આવેલ ગૌચરણમાંથી માટી ચોરી કરી હોવાથી તટસ્થ તપાસ થાય તો કરોડો રૂપિયાનું કૌભાંડ બહાર આવી શકે તેમ છે તેવી લોકમુખે ચર્ચા થઈ રહી છે.

# ધારીના દલખાણીયા ગામે નવજાત શિશુનો મૃતદેહ મળ્યો : પોલીસે તપાસ શરૂ કરી

ધારી, તા.૧૪

ધારી તાલુકાના દલખાણીયા ગામે નવજાત શિશુનો મૃતદેહ મળતા સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ હતી. એક શ્વાન મૃત નવજાત શિશુને લઈ જતું હોવાનું સ્થાનિકોએ જોયું, જેના પગલે શ્વાન પાસેથી શિશુનો મૃતદેહ છોડાવી લેવામાં આવ્યો. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ



તસવીર : સંજય વાળા

કરી હતી અને મૃતદેહને ધારી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતો. આ ઘટનામાં નવજાત શિશુ ત્યાં કેવી રીતે આવ્યું તે બાબતે પોલીસ તપાસ ચલાવી રહી છે. શિશુનો જન્મ ક્યાં થયો, તેને ત્યાં કોણ મુકીને ગયું, તે અંગે તપાસ ચાલી રહી છે.

---

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૧૧/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.શૈલેષભાઈ વજુભાઈ પટેલ
રહે. ૩૩, સરીતાનગર સોસાયટી, સરદાર પટેલ મોલની પાસે, નિકોલ ગામ રોડ, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી અમૃતવેલ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **દક્ષ શૈલેષ પટેલનો જન્મ તા.૨૯/૦૧/૨૦૦૧** ના રોજ મુ. અમૃતવેલ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

---

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ.નં.૨૪ / ૨૦૨૫ તા. ૭ /૦૨/૨૦૨૫

શ્રી બાબુભાઈ જીવરાજભાઈ સીણવીયા,
રહે. હસનાપુર, તા. વિસાવદર ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી- રાજપરા
રેન્જ ફોરેસ્ટ ઓફીસ, હનુમાનપરા, વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી બાબુભાઈ જીવરાજભાઈ સીણવીયા, રહે. હસનાપુર, વિસાવદરએ તેમના પિતાશ્રી જીવરાજભાઈ કરમશીભાઈ સીણવીયાનું મરણ તા.૦૪/૧૧/૨૦૦૩ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી- રાજપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી- રાજપરા, વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો

આજ તારીખ ૭ મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**(એન.બી. લાંઘણોજા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

---

**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૧/૨૫ તા.૦૬/૦૨/૨૦૨૫

**વિવાદી** :- શ્રી રમેશભાઈ ભનુભાઈ સોરઠીયા રહે.ડી.-૫૦, સાગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર, એલ.એચ.રોડ સુરત-૩૯૫૦૦૬ મો.૯૯૨૫૭૯૧૨૫૫
C/O આર.સી.દવે રહે.લાઠી મો.૯૪૨૬૯૩૪૩૩૫

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.હરસુરપુર તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.હરસુરપુર ગામના રહીશ આ કામના અરજદારશ્રી રમેશભાઈ ભનુભાઈ સોરઠીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ હરસુરપુર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૧/૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ ~~સવાર~~/બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ. નં.૧૮૨ / ૨૦૨૫ તા. /૦૧/૨૦૨૫

શ્રી સંજય ભૂપતભાઈ સિરોયા
રહે. ભુતડી, તા. વિસાવદર
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી - ભુતડી, વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી શ્રી સંજય ભૂપતભાઈ સિરોયા,રહે. ભુતડી, તા. વિસાવદરએ તેમના પિતા શ્રી ભૂપતભાઈ શંભુભાઈ સિરોયાનુ મરણ તા. ૨૪/૦૭/૧૯૯૯ ના રોજ વિસાવદર તાલુકાના ભુતડી ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- ભુતડી, વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી- ભુતડી, વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી.**
**(એન.બી. લાંઘણોજા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

# અમેરિકાએ ૨૬/૧૧ આતંકવાદી હુમલાના આરોપીને ભારત પ્રત્યાર્પણ કરવાની મંજૂરી આપી

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૪

૨૬/૧૧ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. અમેરિકા દ્વારા પણ અંતિમ મંજૂરી આપવામાં આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે તેમના વહીવટીતંત્રે ૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલામાં ભૂમિકા બદલ ભારતીય તપાસ એજન્સીઓ દ્વારા વોન્ટેડ તહવ્વુર રાણાના ભારતમાં ન્યાયનો સામનો કરવા માટે પ્રત્યાર્પણને મંજૂરી આપી છે. પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક રાણા હાલમાં લોસ એન્જલસના



મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં બંધ છે. એવું માનવામાં આવે છે કે તે ૨૬/૧૧ હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંના એક પાકિસ્તાની-અમેરિકન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલી સાથે જોડાયેલા છે. ભારતે ગયા મહિને કહ્યું હતું કે તે તહવ્વુર રાણાના વહેલા પ્રત્યાર્પણ માટે યુએસ અધિકારીઓ સાથે કામ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, 'અમેરિકન સુપ્રીમ કોર્ટે ૨૧ જાન્યુઆરીએ આરોપીની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો.' મુંબઈ આતંકવાદી હુમલાના આરોપીઓને ભારતને વહેલા પ્રત્યાર્પણ કરવા માટે અમે હવે પ્રક્રિયાગત મુદ્દાઓ પર યુએસ પક્ષ સાથે કામ કરી રહ્યા છીએ.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે પુલવામા હુમલાના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ના પુલવામા હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં. વર્ષ ૨૦૧૯ માં આજના દિવસે, આતંકવાદીઓએ પુલવામામાં એક મોટો હુમલો કર્યો હતો, જેમાં દેશના ૪૦ સૈનિકો શહીદ થયા હતા. પાકિસ્તાનના



આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાનો પર આત્મઘાતી હુમલો કર્યો હતો. આ હુમલાના માત્ર ૧૨ દિવસ પછી, ભારતે પાકિસ્તાનથી બદલો લીધો અને ૨૬ ફેબ્રુઆરીએ બાલાકોટમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી. આ સર્જિકલ સ્ટ્રાઈકમાં ભારતીય સેનાએ ઘણા જૈશ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

એકસ પરની એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું, ૨૦૧૯ માં પુલવામામાં આપણે ગુમાવેલા બહાદુર નાયકોને શ્રદ્ધાંજલિ. આવનારી પેઢીઓ તેમના બલિદાન અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના અતૂટ સમર્પણને ક્યારેય ભૂલશે નહીં.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ૨૦૧૯ માં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ સીઆરપીએફ જવાનોને શ્રદ્ધાંજલિ આપી. શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર આતંકવાદીઓને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે કટિબદ્ધ છે અને સરકારે આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી છે.

# વિધાનસભાને કોઈ જ ચોક્કસ કાયદો ઘડવાનો નિર્દેશ આપી શકાતો નથી : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે કોર્ટ વિધાનસભાને કોઈ ચોક્કસ રીતે કાયદો ઘડવાનો નિર્દેશ આપી શકતી નથી. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે દિલ્હી હાઈકોર્ટના ફેબ્રુઆરી ૨૦૨૪ના આદેશ સામે દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. બેન્ચે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે, સંસદે દરેક પાસાને ધ્યાનમાં લીધા પછી એક નવો કાયદો બનાવ્યો છે. મૂળ અધિકારક્ષેત્રમાં, ન તો હાઈકોર્ટ કે ન તો સુપ્રીમ કોર્ટ વિધાનસભાને કોઈ ચોક્કસ રીતે કાયદો બનાવવાનો નિર્દેશ આપી શકે છે. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે બીએનએસએસની કલમ ૨૩૦ ફરિયાદી અથવા પીડિતના સુનાવણીના અધિકારને સંબોધતી નથી.

# પતિની ઓછી આવક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો ઈનકાર કરવાનો માપદંડ નથી : મધ્યપ્રદેશ હાઈકોર્ટ

(એચ.એસ.એલ),જબલપુર,તા.૧૪

મધ્યપ્રદેશ હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે પત્નીનો તેના પતિ સિવાય અન્ય કોઈ વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ વ્યભિચાર ગણાશે નહીં સિવાય કે તે તે વ્યક્તિ સાથે શારીરિક સંબંધમાં હોય. આ અરજી પર સુનાવણી કરતા, મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ જીએસ અહલુવાલિયાએ જણાવ્યું હતું



કે પત્નીનો તેના પતિ સિવાયના કોઈ પુરુષ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહ વ્યભિચાર માનવામાં આવશે નહીં જ્યાં સુધી તે તે વ્યક્તિ સાથે શારીરિક સંબંધ ન ધરાવે.

કોર્ટે પતિની એ દલીલને ફગાવી દીધી કે તેની પત્ની બીજા કોઈને પ્રેમ કરે છે, તેથી તે ભરણપોષણ મેળવવા માટે હકદાર નથી. હાઈકોર્ટે પતિની ઓછી આવકની અરજી ફગાવી દીધી. કોર્ટે કહ્યું કે પતિની ઓછી આવકની દલીલ ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો ઈનકાર કરવાનો માપદંડ નથી. જો અરજદારે એવી છોકરી સાથે લગ્ન કર્યા હોય કે તે તેની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સક્ષમ નથી, તો તે પોતે તેના માટે જવાબદાર છે, પરંતુ જો તે શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ હોય તો તેણે તેની પત્નીનું ભરણપોષણ કરવા અથવા ભરણપોષણ ચૂકવવા માટે કંઈક કમાવવું પડશે.

# મહાકુંભ દ્વારા ઉત્તર પ્રદેશની અર્થવ્યવસ્થામાં ૩ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો : યોગી

લખનૌ,તા.૧૪

કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ અને નીતિન ગડકરીએ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠકની હાજરીમાં લખનૌમાં ૧૧૪ માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે, ત્રણેય નેતાઓએ લોકોને સંબોધિત પણ કર્યા. આ પ્રસંગે સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે આપણને દર ૬ વર્ષે કુંભ અને દર ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન કરવાની તક મળે છે. આપણે જે પણ પ્રવૃત્તિઓ કરીએ છીએ, તે આપણા પર્યટનને પ્રોત્સાહન આપે છે. મહાકુંભને કારણે યુપીની અર્થવ્યવસ્થાને ૩ લાખ કરોડ રૂપિયાનો વેગ મળશે. સીએમ યોગીએ કહ્યું કે જે લોકો આંગળી ચીંધે છે અને પૂછે છે કે ૫૦૦૦-૬૦૦૦ કરોડ રૂપિયા કેમ ખર્ચવામાં આવ્યા. આ રકમ ફક્ત કુંભ પર જ નહીં પરંતુ પ્રયાગરાજ શહેરના નવીનીકરણ પર પણ ખર્ચવામાં આવી છે.

# 'ઉત્તરાખંડ' દેવભૂમિથી રમતભૂમિમાં પરિવર્તિત થઈ ગયું છે : અમિત શાહ

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૧૪

રાષ્ટ્રીય રમતો ૨૦૨૫નો સમાપન સમારોહ ઉત્તરાખંડના હલ્દવાનીમાં યોજાયો હતો. ૩૮મી રાષ્ટ્રીય રમતોમાં દેશભરમાંથી કુલ ૧૬,૦૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સમાપન સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ગૃહમંત્રી અમિત



શાહનું સ્મૃતિચિહ્ન, શાલ અને ફૂલોનો ગુલદસ્તો આપીને સ્વાગત કર્યું. તેમની સાથે રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમા અને ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષા સ્ટેજ પર હાજર હતા.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે રાષ્ટ્રીય રમતો પછી, ઉત્તરાખંડ દેવતાઓની ભૂમિ બન્યા પછી રમતગમતનું ભૂમિ બની ગયું છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાજ્યના દરેક જિલ્લામાં રમતગમત માટે માળખાગત સુવિધાઓ વિકસાવી છે. તેમણે ખેલાડીઓને બધી સુવિધાઓ પૂરી પાડી છે.

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ સમાપન સમારોહમાં કહ્યું કે ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ દરેક ખેલાડીની દરેક નાની-નાની વાતનું ધ્યાન રાખ્યું. આવનારા દિવસોમાં દેશ રમતગમતનું કેન્દ્ર બનવું જોઈએ. આ માટે આપણે પ્રયત્નો કરવા પડશે.

# મમતા સરકારને હાઈકોર્ટથી ફટકો, મોહન ભાગવતની જાહેર સભાને મંજૂરી

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૪

મમતા સરકારને કોલકાતા હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. મોહન ભાગવતની જાહેર સભાને હાઈકોર્ટે મંજૂરી આપી દીધી છે. ૧૬ ફેબ્રુઆરીએ બર્ધમાનમાં મોહન ભાગવતની જાહેર સભા યોજાવાની છે, પરંતુ પોલીસે મોહન ભાગવતની જાહેર સભાને પરવાનગી આપી ન હતી. પોલીસે આ માટે ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષાઓનો હવાલો



આપ્યો હતો. મામલો કોર્ટ સુધી પહોંચ્યો અને કોલકાતા હાઈકોર્ટે મોહન ભાગવતની જાહેર સભાને મંજૂરી આપી મોહન ભાગવત ૬ ફેબ્રુઆરીથી પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. તેઓ શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી) બર્ધમાનમાં સંઘના નવા રાજ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન કરવાના છે. આ વિવાદ ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારી તેમની જાહેર સભાને લઈને હતો, જેના માટે પોલીસે પરવાનગી આપી ન હતી. બર્ધમાન પોલીસે ધોરણ ૧૦ની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધોનો ઉલ્લેખ કર્યો. પોલીસનું કહેવું છે કે પ્રસ્તાવિત સભા સ્થળની નજીક એક શાળા છે, જે પરીક્ષાને અસર કરી શકે છે. જોકે, આરએસએસ દલીલ કરી રહ્યું છે કે બેઠક રવિવારે યોજાવાની હોવાથી પરીક્ષામાં કોઈ વિક્ષેપ નહીં આવે. આરએસએસએ આ નિર્ણયને પડકાર્યો અને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, જેની સુનાવણી પર કોર્ટે મિટિંગને મંજૂરી આપી.

# ટ્રમ્પે રશિયાને જી-૭માં ફરી સામેલ કરવા ઈચ્છા વ્યક્ત કરી

(એચ.એસ.એલ),વોશિંગ્ટન,તા.૧૪

રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસો વચ્ચે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક નિવેદન આપીને બધાને ચોંકાવી દીધા છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, મને રશિયા G૭ માં પાછું આવે તો ખુશી થશે. તેમણે કહ્યું કે રશિયાને જી-૭ માંથી બાકાત રાખવું એ એક ભૂલ હતી. દરમિયાન, ડોનાલ્ડ ટ્રમ્પે પુતિન વિશે કહ્યું, જ્યારે



મેં ગઈકાલે તેમની સાથે વાત કરી... હું માનું છું કે રાષ્ટ્રપતિ પુતિન શાંતિ ઈચ્છે છે. જો એવું ન હોત તો તેણે મને કહ્યું હોત. મને લાગે છે કે તે શાંતિ જોવા માંગશે. આમ, યુએસ રાષ્ટ્રપતિએ રશિયાને G૭ માં ફરીથી સામેલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે તેઓ રશિયાને G૭ માં પાછું જોવા માંગે છે. ટ્રમ્પની ટિપ્પણીઓ આ બાબતે તેમના અગાઉના વલણનું પુનરાવર્તન કરે છે, જેમાં જી-૮ ને તેના મૂળ સ્વરૂપમાં ફરીથી બનાવવામાં તેમની રુચિ પર ભાર મૂકવામાં આવ્યો છે.

# પાકિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ, ૯ નાગરિકોના મોત, અનેક ઘાયલ

ઈસ્લામાબાદ,તા.૧૪

આતંકવાદને આશ્રય આપતો દેશ પાકિસ્તાન પોતે સતત આતંકવાદી ઘટનાઓનો ભોગ બની રહ્યો છે. હવે પાકિસ્તાનના બલુચિસ્તાન વિસ્તારમાંથી વધુ એક આતંકવાદી ઘટનાની માહિતી સામે આવી છે. અહીં કોલસા ખાણકામ કરનારાઓને લઈ જતું વાહન પર બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૯ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનમાં આ બોમ્બ વિસ્ફોટની ઘટના બલુચિસ્તાન પ્રાંતના અશાંત પ્રદેશના હરનાઈ જિલ્લાના શહરાગ વિસ્તારમાં બની હતી. શુક્રવારે, કોલસા ખાણકામ કરનારાઓને લઈ જતી એક વાહન પર બોમ્બ વિસ્ફોટ થયો હતો. આતંકવાદી ઘટનાનો ભોગ બનેલા લોકો એક મીની ટ્રકમાં મુસાફરી કરી રહ્યા હતા

# દિલ્હીમાં નવા મુખ્યમંત્રી સામે ૨૭ એજન્ડા પૂર્ણ કરવાની ચુનોતી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

વચનોની શ્રેણીના આધારે ઐતિહાસિક વિજય મેળવનાર ભાજપ જ્યારે સત્તામાં આવશે, ત્યારે તેને દરરોજ વચનોનો સામનો કરવો પડશે. ચૂંટણી દરમિયાન જાહેર કરાયેલા ૧૦૦ દિવસના એજન્ડામાં આપેલા વચનો, જેમ કે સગર્ભા મહિલાઓને સહાય, હોળી પર ઘરેલુ ગેસ સિલિન્ડર વગેરે પૂરા કરવા માટે પાર્ટીએ ઘણા પ્રયત્નો કરવા પડશે.




વિપક્ષ દરરોજ આ પ્રશ્નોના જવાબો માંગશે અને ભાવિ મુખ્યમંત્રી અને તેમના સેનાપતિઓએ કોઈપણ કિંમતે આ પ્રશ્નોના જવાબો શોધવા પડશે. આનું સૌથી મોટું કારણ મજબૂત વિપક્ષની હાજરી છે. વિકસિત દિલ્હી માટે મોદીની ગેરંટી હેઠળ ૨૭ મુદ્દાનો એજન્ડા પૂર્ણ કરવાનો રહેશે. જો આતિશી વિપક્ષના નેતા બનશે, તો તેઓ ગૃહની કાર્યવાહીમાં આ મુદ્દો વારંવાર ઉઠાવશે. આમ આદમી પાર્ટીએ એમ પણ કહ્યું છે કે જો ૮ માર્ચે મહિલાઓના ખાતામાં આ રકમ જમા નહીં થાય તો તેઓ રસ્તા પર ઉતરીને વિરોધ કરશે.

# એશા ગુપ્તાએ મહાકુંભમાં ડૂબકી લગાવી, તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૪

ઈમરાન હાશ્મી સાથે બોલિવૂડમાં ડેબ્યૂ કરનારી હિરોઈન એશા ગુપ્તાએ તાજેતરમાં મહાકુંભની મુલાકાત લીધી હતી. અહીં પહોંચ્યા પછી, એશા ગુપ્તાએ ગંગામાં સ્નાન કર્યું અને તેના ચાહકો સાથે તેના ફોટા પણ શેર કર્યા. હવે આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. ઉત્તર પ્રદેશના પવિત્ર શહેર પ્રયાગરાજમાં આજે મહાકુંભનો ૩૨મો દિવસ છે. દેશભરના પ્રખ્યાત લોકો સતત મહાકુંભમાં પહોંચી રહ્યા છે અને માતા ગંગાને



નમન કરી રહ્યા છે અને તેમના આશીર્વાદ મેળવી રહ્યા છે. મહાકુંભમાં પહોંચ્યા બાદ બોલિવૂડ સ્ટાર્સ પણ ભક્તિમાં ડૂબેલા જોવા મળે છે. તાજેતરમાં જ ઈમરાન હાશ્મીની હિરોઈન એશા ગુપ્તા પણ અહીં પહોંચી હતી. ઈશા ગુપ્તા મહાકુંભમાં પહોંચી અને મા ગંગાની પૂજા કરી અને ડૂબકી લગાવી. આ પછી, તેમણે મહાકુંભમાં અહીં પડાવ નાખનારા ગુરુઓના આશીર્વાદ પણ લીધા. હવે એશા ગુપ્તાની આ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.એશા ગુપ્તા એક લોકપ્રિય બોલિવૂડ હિરોઈન છે અને તેમણે ૨ ડઝનથી વધુ ફિલ્મો અને શ્રેણીઓમાં કામ કર્યું છે. એશા ગુપ્તા પોતાની કારકિર્દીમાં ખૂબ જ ગ્લેમરસ છે પણ અંગત જીવનમાં પણ એટલી જ ધાર્મિક છે.

# આઈસીસીએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે વિજેતા ટીમના ઈનામની કરી જાહેરાત

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૪

બધા ક્રિકેટ ચાહકો ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ મહત્વપૂર્ણ આઈસીસી ટુર્નામેન્ટ છેલ્લે ૨૦૧૭ માં રમાઈ હતી, ત્યારબાદ હવે તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને પહેલી વાર પાકિસ્તાનને તેનું યજમાનપદ મળ્યું છે. દરમિયાન આઈસીસીએ




ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ઈનામી રકમની પણ જાહેરાત કરી છે, જેમાં ગયા વખતની સરખામણીમાં ઘણો વધારો જોવા મળ્યો છે. આઈસીસી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં, તેઓએ માહિતી આપી છે કે આ વખતે ઈનામની રકમ ૨૦૧૭ માં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીની તુલનામાં ૫૩ ટકા વધારવામાં આવી છે.

જો આપણે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે આઈસીસી દ્વારા જાહેર કરાયેલી ઈનામી રકમ પર નજર કરીએ તો, ટુર્નામેન્ટ જીતનાર ટીમને લગભગ ૧૯.૫૦ કરોડ રૂપિયા મળશે. આઈસીસીએ સમગ્ર ટુર્નામેન્ટ માટે ૬.૯ મિલિયન યુએસ ડોલર (આશરે ૬૦ કરોડ રૂપિયા) ની ઈનામી રકમ નક્કી કરી છે. ફાઈનલ મેચમાં રનર-અપ રહેનારી ટીમને એક મોટી ઈનામી રકમ પણ મળશે જેમાં તેમને લગભગ ૧૦ કરોડ રૂપિયા મળશે. આ ઉપરાંત, સેમિફાઈનલમાંથી બહાર થનારી ટીમોને અંદાજે ૫-૫ કરોડ રૂપિયાની ઈનામી રકમ પણ આપવામાં આવશે.

# રાજકોટ સિવિલમાં કાળનું ચક્ર ફરી વળ્યું, એક જ રાતમાં ૧૭ દર્દીના મોત

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૪

રાજકોટ સિવિલમાં ઉંદર ફરતા હોવાના કારણે હોસ્પિટલ પહેલેથી જ વિવાદમાં આવી છે, ત્યારે શુક્રવારનો દિવસ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બ્લેક ફ્રાઈડે સાબિત થયો છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કાળ ચક્ર એવું ફરી વળ્યું કે, ૨૪ કલાકમાં ૧૭ લોકોએ અલગ અલગ કારણે જીવ ગુમાવ્યો છે. અકસ્માત, હૃદયના ધબકારા બંધ થઈ જવા સહિતના કારણોથી ૧૭ દર્દીઓના મોત નિપજ્યા છે. અપમૃત્યુના કેસને પગલે સિવિલ હોસ્પિટલ ધમધમી ઊઠી છે. રાજકોટ સિવિલમાં એક જ રાતમાં ૧૭ લોકોના મૃત્યુ નોંધાતા અફરાતફરી મચી ગઈ છે. સિવિલ હોસ્પિટલમાં રાત આખી પોસ્ટમોર્ટમ રૂમ ધમધમતો રહ્યો હતા. સિવિલ હોસ્પિટલમાં આજનો દિવસ બ્લેક ફ્રાઈડે સાબિત થયો છે. કોઈએ આપઘાત કર્યો, તો કોઈનું હૃદય બંધ



પડ્યું, કોઈનું વાહન અકસ્માતમાં મૃત્યુ થયું, આવા અનેક કારણોસર ૧૭ લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. ત્યારે સ્વજનોમાં શોકની કાલિમા ફરી વળી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા ઉંદરો પકડવાના મામલે એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્યએ સિવિલ હોસ્પિટલને નોટીસ ફટકારી છે. સત્તાધીશોને ઉંદરો પર અત્યાચાર કરો છો, શા માટે તમારા પર આઈપીસી કલમ ૪૨૮, ૪૨૯ મુજબ કાર્યવાહી ન કરવી ? તેવા લખાણ સાથે નોટીસ ફટકારતા વિવાદ સર્જાયો છે. એનિમલ વેલ્ફેર બોર્ડના લેટરપેડ પર સિવિલ હોસ્પિટલને નોટીસ મળતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે. જીવદયા પ્રેમી રાજેન્દ્ર શાહે નોટીસ ફટકારી છે. આ મામલે જિલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપ્યા છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત, ૬૬ નગરપાલિકાના ૫૦૮૫ ઉમેદવારો મેદાને

ગાંધીનગર,તા.૧૪

અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી સહિત ૬૬ નગરપાલિકાની ચૂંટણી તેમજ જૂનાગઢ મહાનગરપાલિકા અને ખેડા, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવાની છે. જે માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે. આજે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો છે. સ્થાનિક સ્વરાજની યોજનાર ચૂંટણીમાં ૫,૦૮૫ જેટલા



ઉમેદવારો મેદાનમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકાની ૧૫ બોર્ડની ચૂંટણી માટે ૬૦ બેઠકો છે. આ ૬૦ બેઠકો માટે ૧૫૭ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકામાં ૨૩૭ લોકોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી નવ ઉમેદવારો બિનહરીફ થતા હવે ૧૫૭ ઉમેદવારો મેદાનમાં છે. આ મુજબ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ૬૬ નગરપાલિકાની ચૂંટણી પણ યોજવાની છે. જેના આજે પ્રચાર પડઘમ શાંત થયા છે. કુલ ૬૬ નગરપાલિકાની ચૂંટણીમાં ૪૬૧ બોર્ડની ૧૮૪૪ બેઠકોની ચૂંટણી યોજવાની છે. જેમાં ૬૬ નગરપાલિકાની ૧૮૪૪ બેઠકો માટે ૫૦૮૫ ઉમેદવારો મેદાનમાં છે.

# ચલાલામાં ચૂંટણી પ્રચાર સમયે ભાજપ-કોંગ્રેસના નેતાઓ સામસામે

(એચ.એસ.એલ),અમરેલી,તા.૧૪

૧૬ ફેબ્રુઆરીના રવિવારના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો જોરશોરથી પ્રચારમાં લાગી ગયા છે. જો કે ચલાલા નગરપાલિકા વિસ્તારમાં પ્રચાર સમયે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ બાખડી પડ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસના



નેતાઓના વિરોધમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા, જેના કારણે બંને પક્ષના સમર્થકોમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ પ્રચાર કાર્યક્રમ દરમિયાન સ્થાનિક ચૂંટણીના પ્રચારમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસના નેતા પ્રતાપભાઈ દુધાત પોતાના સમર્થકો સાથે જોડાયેલા હતા. ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસના નેતાઓના વિરોધમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા જ્યારે બંને પક્ષો વચ્ચે સ્થિતિ વધુ બગડી રહી હતી, ત્યારે સ્થાનિક પોલીસે વચ્ચે પડવુ પડ્યુ હતું. કાર્યકરો વચ્ચે બોલાચાલીના કારણે તણાવનો માહોલ ઉભો થયો હતો, પરંતુ પોલીસની સમયસર દખલથી આ મામલો શાંત પાડવામાં આવ્યો હતો.

# રાજયમાં જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયો : મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર આ માહિતી શેર કરી છે. જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયો છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવા ઘટાડામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. એનસીએઈઆર દ્વારા જાહેર થયેલા પેપરમાં આ વિગતો સામે આવી છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે, ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી જાણકારી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થવાનું જણાવ્યું છે. GDPના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયાનું જણાવ્યું છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર



દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે. મુખ્યમંત્રીએ ટ્વીટ કરી લખ્યું કે, NCAER ના અર્થશાસ્ત્રીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ મુજબ મને એ જણાવતા આનંદ થાય છે કે ગુજરાતે તેના દેવાથી જીએસડીપી ગુણોત્તરમાં ૪.૫% ઘટાડો કર્યો છે, જે ભારતના તમામ મોટા ૨૧ રાજ્યોમાં સૌથી વધુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન અને રાજકોષીય સમજદારીનો પુરાવો છે. કોઈપણ રાજ્ય કે દેશ ઉપર દેવું હોવું એ આજકાલની વાત નથી.

# પહેલીવાર રાજયમાં ૧૬ કરોડનું ઈન્જેક્શન અપાયું: બાળકનો જીવ બચાવવા લોકોએ પૈસા આપ્યા

અમદાવાદ, તા.૧૪

ગુજરાતીઓએ ફરીવાર માનવતાનાં દર્શન કરાવ્યાં છે. ૪ વર્ષ પહેલાં ગોધરાના ધૈર્યરાજસિંહ રાઠોડને બચાવવા આખું ગુજરાત પોતાનો દીકરો હોય એ રીતે ૧૬ કરોડ રૂપિયાનો ફાળો એકઠો કરવા રસ્તા પર ઊતરી આવ્યું હતું. હવે હિંમતનગરના મુસ્લિમ પરિવારનું ૨૦ મહિનાનું બાળક દુર્લભ બીમારી SMAનો શિકાર બન્યું હતું. મુસીબતની આ ઘડીમાં પરિવારને લોકોએ દિલ ખોલીને



ફાળો આપ્યો છે. બાળકનો જીવ બચાવવા માટે અમેરિકાથી કોલ્ડચેઈન બનાવીને ૭૨ કલાકમાં ઈન્જેક્શન મગાવવામાં આવ્યું હતું, જેને અમદાવાદની હોસ્પિટલમાં ગઈકાલે ૧૩મી ફેબ્રુઆરીના રોજ સફળતાપૂર્વક આ ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. હાલ બાળકની તબિયત સુધારા પર છે. SMA રોગથી પીડિત કોઈ બાળકને ગુજરાતમાં ઈન્જેક્શન અપાયું હોય એવી આ પહેલી ઘટના છે. બાળકનો જન્મ થયો ત્યારે શરૂઆતમાં તો પરિવારને આ ગંભીર બીમારી વિશે કંઈ ખ્યાલ ન આવ્યો, પણ દોઢ મહિના બાદ થોડો અણસાર આવ્યો. એના પછી ડૉક્ટરને બતાવી રિપોર્ટ કરાવ્યા ત્યારે SMA બીમારી હોવાનું નિદાન થયું હતું.

# પૂર્વ સાંસદ અહેમદ પટેલના પુત્રએ કોંગ્રેસને કહ્યું અલવિદા

અમદાવાદ,તા.૧૪

કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ અહેમદ પટેલે કોંગ્રેસ પાર્ટીને અલવિદા કહી દીધું છે. ફૈઝલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કોંગ્રેસ સાથેના સંબંધોનો અંત લાવવાની જાહેરાત કરી હતી. ઘણા સમયથી એવા અહેવાલો હતા કે ફૈઝલ અહેમદ પટેલ કોંગ્રેસથી નારાજ છે. કોંગ્રેસ છોડવા અંગે ફૈઝલે કહ્યું કે ખૂબ જ પીડા અને વેદના સાથે તેમણે કોંગ્રેસ માટે કામ કરવાનું બંધ કરવાનો નિર્ણય લીધો છે. કોંગ્રેસ છોડવા અંગેના પોતાના ટ્વિટમાં ફૈઝલ પટેલે કહ્યું- "ખૂબ જ પીડા અને વેદના સાથે, મેં કોંગ્રેસ માટે કામ કરવાનું બંધ કરવાનો નિર્ણય લીધો છે. ઘણા વર્ષોથી આ એક મુશ્કેલ યાત્રા રહી છે. મારા સ્વર્ગસ્થ પિતા અહેમદ પટેલે પોતાનું આખું જીવન દેશ, પાર્ટી અને ગાંધી પરિવાર માટે કામ કરવામાં સમર્પિત કર્યું. મેં તેમના પગલે ચાલવાનો પ્રયાસ કર્યો પરંતુ દરેક પગલે મને નકારવામાં આવ્યો. હું કોઈપણ રીતે લોકો માટે કામ કરતો રહીશ. કોંગ્રેસ પાર્ટી હંમેશાની જેમ મારો પરિવાર રહેશે. હું કોંગ્રેસના તમામ નેતાઓ, પાર્ટી કાર્યકરો અને શુભેચ્છકોનો આભાર માનું છું જેમણે મને ટેકો આપ્યો.

# પોલીસમાં ખાલી પડેલી ૧૪,૨૮૩ જગ્યા માટે બીજા ફેઝની ભરતી ઓગસ્ટ-સપ્ટે.માં બહાર પડશે

અમદાવાદ, તા.૧૪

પોલીસની ભૂમિકા અને સંખ્યાને લઈને હાઈકોર્ટમાં અગાઉ સુઓમોટો પિટિશન દાખલ થઈ હતી. આ મામલે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાતાં સરકારે ૨૫,૬૬૦ પૈકી બાકીની ખાલી જગ્યા ૧૪,૨૮૩ પર બીજા ફેઝની ભરતીની જાહેરાત ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવશે એવું જણાવ્યું છે. આ સાથે પહેલા ફેઝની ભરતીના ૭.૪૫ લાખ ઉમેદવારની લેખિત





પરીક્ષા અને પ્રમાણપત્ર ખરાઈ બાદ પરિણામ જુલાઈમાં આપી દેવાશે, એવું ઉમેર્યું હતું. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ સુનાવણી ચાલી રહી છે, જેમાં આજે (૧૪ ફેબ્રુઆરી) સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે પોલીસબેડામાં ૨૫,૬૬૦ જેટલી ખાલી જગ્યા પર સીધી ભરતી કરવામાં આવશે, જે પૈકી પહેલા ફેઝમાં ૧૧ હજાર કરતાં વધુ પોસ્ટ માટે ભરતી બહાર પાડવામાં આવેલી છે. એમાં અત્યારે શારીરિક કસોટી ચાલી રહી છે. આ જગાઓ માટે ૧૦ લાખ ઉમેદવાર નોંધાયા છે. એ પૈકી ૭.૪૫ લાખ જેટલા ઉમેદવારોની શારીરિક કસોટી પૂર્ણ થઈ ચૂકી છે.

# સુરક્ષાના પ્રોટોકોલ વિરુદ્ધ ૪૪૫ ચો.કિમી જમીન ફાળવણીનો નિર્ણય દેશ માટે ઘાતક : કોંગ્રેસ

અમદાવાદ,તા.૧૪

લંડનના પ્રસિદ્ધ અખબાર ગાર્ડીયનએ એક અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે કે ગુજરાતની ભૂમિ ઉપર વેપારી અદાણીની માંગણીને ગુજરાત સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ મૂકી, ભારત – પાકિસ્તાન સીમાના ૧ કિમીમાં ૩૦ ગીગાવોટ સૌર ઉર્જા અને પવન ઉર્જા ઉત્પાદન માટે અદાણી કંપનીને ૪૪૫ ચો. કિમી જમીન મોદી સરકારે ફાળવી. આ લંડનના અખબારમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર સાચા છે કે ખોટા ? ભારતના સંરક્ષણના પ્રોટોકોલ અને કાયદા મુજબ ભારત સરકાર ચીન, બાગ્લાદેશ, પાકિસ્તાન, મ્યાનમાર અને નેપાળની સીમાથી ૧૦ કિમીની હદમાં કોઈ ખાનગી પેઢીને જમીન ફાળવી શકે નહી આમ છતાં અંદાણીને ૪૪૫ ચો.



કિમી જમીન પાકિસ્તાન સીમાની એક કિમીની હદમાં ફાળવી દીધી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા મનહર પટેલે જણાવ્યુ કે આજે દેશની તમામ સીમા ઉપર પાડોસી દેશોનો દુશ્મનભાવનો ડોળો મંડાયેલો છે ત્યારે મોદી સરકાર અદાણીને પાકિસ્તાન સીમા નજીક ૧૦ કિમીની હદમાં કાયદા સુરક્ષાના પ્રોટોકોલ વિરુદ્ધ ૪૪૫ ચો.કિમી જમીન ફાળવળીનો નિર્ણય દેશ માટે ઘાતક છે.

# વડોદરામાં લવ-જેહાદનો કિસ્સો : મોહસિને મનોજ બની હિન્દુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી

વડોદરા, તા.૧૪

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં લવ-જેહાદનો કિસ્સો પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ છે. મોહસિન પઠાણે પોતે મનોજ સોની તરીકેની ઓળખ આપીને ૩૩ વર્ષીય બે સંતાનની માતાને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરી લીધા હતા. આરોપીનું જૂઠાણું યુવતી સામે આવી જતાં તેણે યુવતી સાથે મારઝૂડ કરી પોતાની પત્ની પાસે નાસી ગયો હતો. પીડિતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે યુવતીની આરોપી સાથે



એક ઈવેન્ટ મેનેજમેન્ટ દરમિયાન મુલાકાત થઈ હતી. આરોપી સરકારી નોકરી કરતો હોવા છતાં ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતો હોવાનું સામે આવ્યું છે. આરોપીએ યુવતીને તથા તેના સંતાનોને ધર્મ પરિવર્તન કરવા માટે દબાણ કર્યું હતું અને આ વાતની કોઈને જાણ કરીશ તો તને સંતાનો સહિત પીડિતાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે પીડિત યુવતીએ જણાવ્યું હતું કે મુસ્લિમ યુવક મોહસિને મનોજ બનીને મારી સાથે લગ્ન કર્યા હતા.











# રાજકોટમાં ધો. ૧૦ના વિદ્યાર્થીએ ક્લાસ રૂમમાં છરી કાઢી, સાથી વિદ્યાર્થીના હાથમાં ઘા ઝીંકી દીધો

રાજકોટ, તા.૧૪

રાજકોટના રેલનગરની આશીર્વાદ સ્કૂલમાં ધો. ૧૦માં ભણતો વિદ્યાર્થી છરી લઈને સ્કૂલે પહોંચ્યો હતો અને સાથી મિત્રને હાથમાં ઘા ઝીંકી દીધો હતો. શહેરમાં લુખ્ખાગીરી બેફામ વધી રહી છે ત્યારે એક ૧૫ વર્ષનો સગીર પણ સ્કૂલ બેગમાં છરી લઈ પહોંચતા ખળભળાટ મચી ગયો છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. વિદ્યાર્થી સ્કૂલે છરી લઈને પહોંચ્યો હોવાના ક્લાસ રૂમના સીસીટીવી ફૂટેજ વાઈરલ થઈ રહ્યા છે. જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. રેલનગરની આશીર્વાદ સ્કૂલના ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના માતાએ જણાવ્યું હતુ કે, મારો ૧૫ વર્ષીય પુત્ર ધો. ૧૦માં અભ્યાસ કરે છે. તે સરળ સ્વભાવનો છે. તેની સાથે જ ભણતો આરોપી વિદ્યાર્થી અવારનવાર તેને હેરાન કરતો હતો.


